
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-4 * Issue-4
FEBRUARY-2004
મહા
ફેબ્રુઆરી-૨૦૦૪
આત્મ સંવત : ૧૦૮
વીર સંવત : ૨૫૩૦
વિક્રમ સંવત : ૨૦૬૦
પુસ્તક : ૧૦૧

प्राणी निर्माति भाग्यं स्वं स्वप्रवृत्त्यनुसारतः ।
यथाभाग्यं च सामग्रीं जीवनस्योपगच्छति ॥

*

પ્રાણી પોતાની પ્રવૃત્તિ અનુસાર પોતાનું ભાગ્ય ઘડે છે અને પોતાના ભાગ્ય અનુસાર જીવનસામગ્રી મેળવે છે. ૧૫.

*

The phenomenal soul moulds its fate according to its actions, and as it moulds its fate so it gets the means for living. 15.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫ : ગાથા-૧૫, પૃષ્ઠ-૭૮)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખના ચાર પ્રકાર

*પૂજ્ય મુનિરાજ શ્રી મહાબોધિવિજયજી મહારાજ સાહેબ*

દુઃખ !

આ જગતમાં કઈ વ્યક્તિ એવી મળશે જે એમ વિશ્વાસ સાથે કહી શકે કે મારા જીવનમાં ક્યારેય દુઃખ નથી આવ્યું. માનવીના જીવનમાં દુઃખ આવવાના અનેક રસ્તા છે. જેમાં મુખ્ય ચાર રસ્તા છે.

**૧. કલ્પાજનિત :** મને કેન્સર તો નહિ થાય ને ? મારું એક્સીડન્ટ તો નહિ થાય ને ? મારા રૂપિયા સલવાઈ તો નહિ જાય ને ? આ અને આવી અનેક કલ્પનાઓ કરીને ઘણા લોકો દુઃખી થતા હોય છે.

**૨. અભાવજનિત :** બીજાની પાસે જે વસ્તુ હોય તે પોતાની પાસે ન હોય યા એનાથી ઉતરતી હોય તો પણ માણસ દુઃખી થઈ જતો હોય છે. આવા અભાવજન્ય દુઃખના મૂળમાં કંપેરિઝન એટલે કે તુલના કરવાનો સ્વભાવ કામ કરી જતો હોય છે. એક વખત તુલના કરવાનો સ્વભાવ પડી જાય પછી સ્પર્ધા કરવાની ઈચ્છા જાગે છે. ટૂંકમાં, જીવ દુઃખીને દુઃખી જ રહેતો હોય છે.

**૩. વિયોગજનિત :** પુત્રવિયોગ, પદવિયોગ, પત્નીવિયોગ, ધનવિયોગ વગેરેના કારણે થતા દુઃખો આ ત્રીજા પ્રકારમાં આવે છે. આ દુઃખના મૂળમાં જીવની તીવ્ર આસક્તિ કારણભૂત છે. જડ કે ચેતન પર જીવ જેટલી વધુ આસક્તિ રાખે તેટલો તે તેના વિયોગમાં વધુ દુઃખી થતો હોય છે.

**૪. પરિસ્થિતિજનિત :** શરીરમાં રોગ થવો, પાર્ટીમાં પૈસા ફસાઈ જવા, મિત્રએ દગો આપવો, વહાલી પત્નીનું મરણ થવું. પુત્રએ ઘરમાંથી બહાર કાઢી મૂકવા...આવા કારણોથી આવતા દુઃખો તે પરિસ્થિતિવશ દુઃખી થવાનો પ્રકાર છે.

નિર્મળ પ્રજ્ઞા, વિશુદ્ધ વૈરાગ્ય દ્વારા આવા પરિસ્થિતિજન્ય દુઃખોની વચ્ચે પણ આપણે ધારીએ તો આનંદિત રહી શકાય છે.

**અભિષેક એક્સપોર્ટ**

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ

(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ

(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી

(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી

(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી

(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

**તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ**

## અનુક્રમણિકા

(૧) **મીઠા સબસે બોલીએ, તજીએ વચન કઠોર**
—મહેન્દ્રભાઈ પુનાતર ૨

(૨) **સાંપ્રદાયિકતાનાં ચશ્માં પહેરીને જોનારને ભગવાન મહાવીર દેખાશે નહીં !**
લેખક : કુમારપાળ દેસાઈ ૬

(૩) **અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૨)**
—કાંતિલાલ દીપચંદ શાહ ૮

(૪) **અહિંસા : એક પરિશીલન**
—પં.શ્રી ભુવનસુંદરવિજયજી મ. ૧૦

(૫) **પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો, ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ**
—આર. ટી. શાહ ૧૩

(૬) **પં. ભદ્રંકરવિજયજી મ.ના પ્રવચનો** ૧૭

(૭) **ધર્મની ભાવના જાગૃત કરવાની જરૂર** ૧૯

(૮) **ફાગણ સુદ તેરસનું મહત્ત્વ**
—વસંત સોની ૨૧

**વેરને ઘટાડવાનું અને મટાડવાનું કામ પ્રેમ કરે છે. તો ક્રોધને ઘટાડવાનું અને ખતમ કરવાનું કામ કરુણા કરે છે.....**

**કરુણા આત્મસાત્ કરો, ક્રોધ જ પેદા નહી થાય... પ્રેમસભર દિલ બનાવો, વેર પેદાજ નહિ થાય.**

**—આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મીઠા સબસે બોલીએ, તજીએ વચન કઠોર

*લેખક : મહેન્દ્રભાઈ પુનાતર*

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જીવનના રોજબરોજના વ્યવહારમાં પારદર્શકતા અને શુદ્ધિ લાવવામાં સહાયરૂપ બને છે. તેનાથી માણસ વધુ સહજ અને સરળ બને છે અને આ સાધનાથી દોષોને અટકાવી શકાય છે અને પાપકર્મોથી બચી શકાય છે. જીવન વ્યવહાર અને ધર્મ સાધનાનો આ સ્રોત છે, જીવન પરિવર્તનનું આ મહત્ત્વનું કદમ છે.

ઈર્યા સમિતિમાં આપણે જોયું કે જીવનની રોજબરોજની પ્રવૃત્તિઓમાં જાગૃતિ અને ચેતના જરૂરી છે. હિંસા સહિત આપણે જે કાંઈ ખોટું કરીએ છીએ તે બેહોશીમાં થાય છે. આપણે જાગૃત રહીએ, સમજપૂર્વક, વિચારપૂર્વક કામ કરીએ અને આંખો ખુલ્લી રાખીએ તો હિંસા અને તમામ પ્રકારના દુર્વ્યવહારમાંથી ઉગરી શકીએ. આપણે ન તો કોઈને મારીએ અને ન તો આપણને ખુદને મારીએ. જીવનપથ પર ખાડા ટેકરાઓ છે. આપણે કદમ કદમ પર સાવચેતીથી ડગ માંડીએ તો પગથિયું ચૂકી જવાનો વારો ન આવે. આમાં મૂળભૂત વાત જાગૃતિની છે, તેના વગર કોઈપણ જાતની સાધનાનો કોઈ અર્થ સરતો નથી. આખો બંધ હોય તો ધર્મ સધાતો નથી, જાણે અજાણ્યે અધર્મ સધાઈ જાય છે. અત્યારના સમયમાં માણસે અધર્મથી બચવાની જરૂર છે. ઈર્યા સમિતિ પછી હવે આપણે ભાષા સમિતિનો વિચાર કરીશું. સમિતિ એટલે યંત્રણા, વહેવાર પદ્ધતિ. આપણે જે કાંઈ કામ કરીએ તેમાં આમાં રહેલો ભાવ આત્મસાત્ થઈ જાય તો આચરણ બદલી જાય. માણસને ખરાબ અર્થમાં માણસ બનાવવાનો આ મંત્ર છે.

ભાષા સમિતિનો ઉપરછલ્લો અર્થ છે બોલવા સમયે ધ્યાન રાખવું જોઈએ જેથી કોઈપણ જીવની હિંસા ન થાય. હવે આપણે તેના મૂળભૂત અર્થ અને મર્મને સમજવાનો પ્રયાસ કરીશું. પ્રથમ તો આપણે વિચારીએ કે આપણે શા માટે બોલીએ છીએ ? કેવું અને કેટલું બોલીએ છીએ ? માણસ જેવું વિચારે છે તેવું બોલી શકતો નથી અને જેવું બોલે છે તેવું વિચારી શકતો નથી. વિચારવું, બોલવું અને કરવું એ ત્રણેમાં ફરક છે. કેટલાક માણસો તો બિલકુલ વિચારતા નથી ગમે ત્યાં ગમે તેવું બોલી નાખે છે. હૃદયનો ઊભરો ગમે ત્યાં ઠાલવી નાખે છે, પોતે શું બોલે છે તેનો પણ ખ્યાલ રહેતો નથી. જેઓ વગર વિચાર્યે, વિના કારણે બોલી નાખે છે તેને પસ્તાવાનો વારો આવે છે. કટુવાણી માણસને વીંધી નાખે છે અને શબ્દોના ઘા લાંબા સમય સુધી રૂઝાતા નથી. વાણી સંબંધોને જોડે છે અને તોડે પણ છે. બીજાની સાથેના વ્યવહારમાં વાણીનો સંયમપૂર્વક ઉપયોગ થવો જોઈએ. કોઈનું દિલ ઘવાય કે તેના સ્વમાનને ધક્કો પહોંચે એવા ઉચ્ચારણોથી દૂર રહેવું જોઈએ. કોઈનું સારું બોલાય નહીં તો કાંઈ નહીં પરંતુ કોઈનું બૂરું ન બોલાય તેની ખાસ કાળજી લેવી જોઈએ.

માણસમાં જે અહંકાર અને અભિમાન હોય છે તે વાણી દ્વારા એક યા બીજા સ્વરૂપે પ્રગટ થતું રહે છે. માણસો વાગ્બાણથી એકબીજાને વીંધતા હોય છે અને એકબીજાનો છેદ ઉડાડતા હોય છે. મહેણાટોણા, આડકતરા કટાક્ષો અને કડવી વાણી દ્વારા એકબીજાની માનહાનિનો દોર ચાલતો રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. શબ્દો તીર જેવા હોય છે એક વખત છૂટ્યા પછી પાછા ખેંચી શકાતા નથી. ઉગ્રતા, કટુતા અને ગરમ મિજાજના વાણી દ્વારા અવારનવાર દર્શન થતાં હોય છે.

જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કાયાથી જાણતા કે અજાણતા કોઈને દુઃખ પહોંચે એવું કરવું નહીં. જીભથી સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા રોજબરોજ થતી હોય છે. આ શબ્દહિંસાને રોકવી જોઈએ. માણસે વાણી પર એટલે કે જીભ પર અંકુશ રાખવો જોઈએ. દ્રોપદીના કટુવચનથી મહાભારત સર્જાઈ ગયું. આપણે પણ જીભ દ્વારા વાતનું વતેસર કરીને નાના મોટા મહાભારતો સર્જતા રહીએ છીએ. ગુસ્સો આવે, મનમાં રોષ ઊભો થાય ત્યારે માણસે મૌનથી મન શાંત થઈ જશે અને ગુસ્સો ઓગળી જશે. ક્ષણિક આવેશમાં આવી જઈને માણસ ગમે તેવું બોલી નાખતો હોય છે, ખોટા વાદવિવાદમાં ઉતરવું નહીં.

પ્રેમ અને સ્નેહમાં ભાષા કરતા મૌનનું માધ્યમ વધુ અસરકારક અને અર્થપૂર્ણ બને છે, કારણ કે તેમાં શબ્દો કરતા ભાવનું વધુ મહત્ત્વ હોય છે. માણસ જયારે ચૂપ હોય છે ત્યારે તેની આંખો અને ચહેરા પરના ભાવોમાં વધુ ઊંડાણ જોવા મળે છે. જેને ચેહરો વાંચતા આવડે છે તેને હૃદયના ભાવો વાંચતા આવડી જાય છે. આ હૃદયની ભાષા છે. જગતની તમામ ભાષાઓ કરતા આ ભાષા વધુ બલતવર છે. ચૂપ રહેવું એ પણ શીખવા જેવું છે. મૌન એક અદ્‌ભુત તાકાત છે શબ્દો જયારે ઓછા પડે છે ત્યારે મૌન અને ચહેરા પરના ભાવો ઘણાં અસરકારક પુરવાર થાય છે. માણસ હંમેશા પોતાના બણગા ફૂંકતો રહે છે. સફળ માણસો પોતાની સિદ્ધિના બણગા ફૂંકતા નથી. માણસ પોતાના વિશે વાતો કરવાનું ટાળે ત્યારે તે મૌનની નજીક હોય છે. માત્ર બોલવું જ નહીં તે સાચું મૌન નથી. જીભને શાંત રાખવી એ પૂરતું નથી. સાથે સાથે મનને શાંત અને સ્વસ્થ રાખવું જરૂરી છે. જીભ બંધ હોય પરંતુ મનમાં ઉલ્કાપાત સર્જાતો હોય તો મૌનનો શો અર્થ છે ? મૂગાં રહીને અંદરથી ડહોળાયા કરવું એ અર્થ વગરનું છે. જીવનમાં સારી રીતે બોલતા ન આવડે એ મોટી કમનસીબી છે પરંતુ એનાથી મોટી કમનસીબી ચૂપ રહેતા ન આવડે તે છે. કેટલાક માણસ બોલે નહીં, મોઢું ખોલે નહીં ત્યાં સુધી જ તેઓ સારા લાગે છે. જેવું મોઢું ખોલે છે ત્યારે તેઓ જેવા હોય તેવા વર્તાઈ આવે છે. જીભ એ શરીરનું સારામાં સારું અને સાથે સાથે ખરાબમાં ખરાબ અંગ છે, કારણ કે તેમાં મીઠાશ પણ છે અને કડવાશ પણ છે. માણસ તેનો કેવા રીતે ઉપયોગ કરે છે તેની પર તેનો બધો આધાર છે, જીભ જોડે પણ છે અને તોડે પણ છે.

જેટલું જરૂરી હોય તેટલું બોલવું જોઈએ. વ્યર્થ બકવાસ કરવાનો કોઈ અર્થ નથી. જયારે બોલીએ ત્યારે મીઠું બોલીએ, વિવેક અને સંયમપૂર્વક બોલીએ. સારું બોલીએ, સત્ય બોલીએ. લોકો કહે છે કે સત્ય કડવું હોય છે પરંતુ તેમાં વિવેક ભળે તો તે મીઠું બની જાય છે. બીજાને ઉઘાડા પાડવા માટે, સ્વાર્થને ખાતર કે મજબૂરીના કારણે સત્ય બોલીએ ત્યારે તે સત્ય રહેતું નથી. જૂઠને ચલાવવા માટે પણ તેને સત્યના વાઘા પહેરાવવા પડે છે.

આપણે બોલીએ ત્યારે ભલે ભાષાનો ઉપયોગ કરીએ પરંતુ બોલતા ન હોઈએ ત્યારે અંદર ભાષા ચાલતી રહેવી જોઈએ નહીં આપણે બીજાની વાતને બરાબર સરખી સમજી શકતા નથી તેનું કારણ આપણે બરાબર સાભળતા નથી. આપણી અંદર ભાષા ચાલતી હોય છે. આપણે શું બોલવું તેના શબ્દો મનમાં ગોઠવી રહ્યા હોઈએ છીએ. બીજો પોતાની વાત પૂરી કરે પહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે બોલી નાખીએ છીએ. કેટલીક વખત સામા માણસની વાત કાપી નાખીને આપણે મનમાં જે ધાર્યું હોઈ તે કહી દઈએ છીએ. બહાર આપણે ચૂપ રહીએ છીએ પરંતુ અંદર બોલતા રહીએ છીએ માણસ એકલો હોય ત્યારે પણ બોલતો રહે છે. બહાર કરતાં અંદર જે ભાષા ચાલે છે તે આપણી શક્તિને ખતમ કરી નાખે છે. ચોવીસ કલાક આ મનોવ્યાપાર ચાલ્યા કરે છે. આમાં કેટલાયને અડફેટમાં લઈ લીએ છીએ. બહારની ભાષામાં સારાસારનો વિવેક જાળવવો પડે છે. અંદરની ભાષામાં પૂરી સ્વતંત્રતા છે. જેનાથી ડરીએ તેને પણ ગાળો આપી શકાય છે, ધમકાવી શકાય છે, તેનું અપમાન કરી શકાય છે, માણસ મોટેભાગે આવું કરતો હોય છે. બહાર જેની હિમ્મત ચાલતી નથી તેઓ અંદર આ પ્રકારે શૂરવીર બની જતા હોય છે.

બીજાની સાથે વાત કરવામાં ભાષા જરૂરી છે, પોતાની સાથે વાત કરવામાં મૌન ઉપયોગી છે. આપણે વાત ન કરતા હોઈએ ત્યારે અંદરથી ચૂપ રહીએ, અંદરથી શાંત રહીએ. જીવનમાં તણાવ એટલા માટે છે કે આપણે અંદરથી શાંત નથી. અંદર ઉપદ્રવો ચાલી રહ્યા છે. અંદરથી આપણે વિક્ષિપ્ત છીએ. બહાર અને અંદર સંતુલન નથી. ભાષા સમિતિની સાધનાનો અર્થ છે. જરૂર પૂરતું બોલીએ, મીઠું બોલીએ, સત્ય બોલીએ, બીજાના હિતને ધ્યાનમાં રાખીને બોલીએ. ભાષા પર કોઈ આટલી સાવધાની રાખે તો જીવન મધુરું તો બને પણ સાથે સાથે ધ્યાન ઘટિત થઈ જાય, સાધનાનો માર્ગ મળી જાય, મીઠી વાણી છે સુખની સરવાણી, કબીરે જેમ કહ્યું છે તેમ...

**મીઠા સબસે બોલીએ સુખ ઉપજે ચહુ ઔર,**
**વશીકરણ યહ મંત્ર હૈ તજીએ વચન કઠોર**

*(મુંબઈ સમાચાર તા. ૧૦-૮-૦૩માંથી સાભાર)*






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન, કૃષ્ણનગર, વડવા, પાનવાડી, રૂપાણી, સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર.

**તા. ૧-૧-૨૦૦૪ થી અમલમાં આવતા ધિરાણનાં ઘટાડેલાં વ્યાજનાં દરો**

| ધિરાણ મર્યાદા | વ્યાજનો દર | ધિરાણ મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|---|
| રૂા. ૫૦૦૦૦/- સુધીનું ધિરાણ | ૧૧.૦ ટકા | હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી | ૭૨ હપ્તા ૧૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦/- થી રૂ. ૨ લાખ સુધી | ૧૨.૦ ટકા | | ૭૨ હપ્તાથી વધુ ૧૧ ટકા |
| રૂા. ૨૦૦૦૦૧/- થી રૂ. ૫ લાખ સુધી | ૧૩.૦ ટકા | સોના લોન રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦૧/- થી રૂ. ૨૦ લાખ સુધી | ૧૪.૦ ટકા | મકાન રીપેરીંગ રૂા. ૭૫૦૦૦/- સુધી | ૧૧.૦ ટકા |
| | | NSC/KVP રૂા. ૧ લાખ સુધી | ૧૧.૦ ટકા |

- તા. ૧-૧-૨૦૦૪ થી ઘટાડેલા વ્યાજનાં દરો નવા ધિરાણમાં તેમજ રીન્યુઅલ ધિરાણને લાગુ પડશે.
- રેગ્યુલર હપ્તો ભરનારને ભરેલ વ્યાજનાં ૬ ટકા વ્યાજ રીબેટ આપવામાં આવે છે.
- બેન્કની વડવા - પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડઓફિસ તથા શાખાનો સંપર્ક સાધવો.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજિંગ ડિરેક્ટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન



## મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

**દરેક જાતના ઉચ્ચ કવોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯


જે વૃદ્ધો યુવાનોની સુયોગ્ય વાતને સ્વીકારી લેતા હોય છે, એ ધન્યવાદને પાત્ર ગણાય, પરંતુ જે યુવાનો વૃદ્ધોની અનુભવવાણી શિરોધાર્ય કરવામાં નાનમ ન અનુભવે, એને તો ધન્યાતિધન્ય ગણવા જોઈએ.


## મહાગુજરાત સિલ્ક સિલેક્શન

(પરંપરામાં ૪૭ વર્ષ)
નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

## એમ. જી. સિલ્વર જ્વેલર્સ

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**
બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**
(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંપ્રદાયિકતાનાં ચશ્માં પહેરીને જોનારને ભગવાન મહાવીર દેખાશે નહીં !

*લેખક : કુમારપાળ દેસાઈ*

યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. સા. એ આજથી સુડતાલીશ વર્ષ પૂર્વે જૈનોની એકતા માટે આર્ત હૃદયનો પોકાર કર્યો. નાનો ધર્મ, એમાં કેટલાય ફિરકાઓ અને તેમાંય ગચ્છો એ બધાને એક થવાનું કહેતા એમણે આલેખેલા માર્મિક વિચારો આજે પણ પથપ્રદર્શક છે. તેઓ કહે છે--

આમ તો બધા ફિરકાના જૈન લોકો ભગવાન મહાવીરને પોતાના માને છે, પરંતુ અલગ અલગ રૂપથી દિગંબર સંપ્રદાયનું કહેવું છે કે અમારા ભગવાન મહાવીર બીજા હતા. દિશા જ એમના વસ્ત્ર હતા. જ્યારે શ્વેતાંબર સંપ્રદાયનું કહેવું છે કે એમણે એક દેવદૂષ્ય ધારણ કર્યું હતું. પાછળથી એને એકદમ છોડી દીધું. વળી સ્થાનકવાસી સંપ્રદાય અને મૂર્તિપૂજક સંપ્રદાયમાં ભગવાન મહાવીરને જુદા જુદા રૂપના માનવામાં આવે છે. કોઈ ભગવાન મહાવીરને આ જન્મ બ્રહ્મચારી માને છે, કોઈ વિવાહિત થઈને દીક્ષા લેવાની વાત પર ભાર મૂકે છે. કોઈ કહે છે--ભગવાન મહાવીરે તો નગ્ન તત્વનું જ પ્રતિપાદન સાધુઓ માટે કર્યું હતું, જ્યારે શ્વેતાંબર સંપ્રદાયનું કહેવું છે ભગવાન મહાવીરે સચેલક અને અચેલક બંને સાધનાઓ બતાવી હતી. મતલબ એ છે કે ભગવાન મહાવીરના વિષયમાં જ્યારે અલગ અલગ મતભેદ ચાલી રહ્યા છે ત્યારે મારે કહવું જોઈએ કે આપણે વિભિન્ન ફિરકાના લોકો જૈન હોવા છતાં પણ ભગવાન મહાવીરને પોતાના આરાધ્યદેવ તીર્થંકર માનવા છતાં પણ યોગ્ય રૂપમાં એમને સમજી નથી શક્યા. કારણ કે ભગવાન મહાવીર તો એક જ થયા છે અને કદાચ એમને બધા ફિરકા લોકો સારી રીતે સમજી શક્યા હોય તો બધાના ભગવાન મહાવીર એક જ હોવા જોઈએ. જ્યાં સુધી આપણે સાંપ્રદાયિકતાના ચશ્મા લગાવીને ભગવાન મહાવીરને જોતાં રહીશું, ત્યાં સુધી તેઓ આપણને સાચા રૂપમાં સમજમાં નહિ આવે.

હું કહું છું કે ભગવાન મહાવીર અમુક સંપ્રદાય અથવા ફિરકાના નથી. ભગવાન મહાવીર તો એના છે, જે એમના અનેકાંત, અહિંસા, અપરિગ્રહ, ક્ષમા વગેરે સિદ્ધાંતોને સારી રીતે સમજે છે, અને જીવનમાં ઉતારે છે. જે પોતાની જાતને ભગવાન મહાવીરના અનુયાયી કહેતા હોય, પરંતુ એમના દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો અને વિભિન્ન શ્રેણીના લોકોના માટે બતાવવામાં આવેલ ધર્માચરણના ઉપદેશને જીવનમાં ન ઉતારવા હોય, પરંતુ પોતાના હાથે જ એ સિદ્ધાંતોનું ગળુ દાબી દેતા હોય તો તે ભગવાન મહાવીરના વાસ્તવિક અનુયાયી નથી. પરંતુ જે ખુદને ભગવાન મહાવીરના અનુયાયી ન કહેતા હોય, પરંતુ એમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતો અને ઉપદેશો અનુસાર ચાલતા હોય તો તે ભગવાન મહાવીરના સાચા અનુયાયી છે.

પરંતુ મારે કહેવું જોઈએ કે આજે જૈનોમાં સંપ્રદાયવાદતાના કારણે જે પરસ્પર ફિરકાબાજી, રાગદ્વેષ, ઝઘડા વગેરે પ્રવર્તમાન છે એ જોઈને શું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી શકાય કે તેઓ ભગવાન મહાવીરને બરાબર રૂપમાં સમજયા છે ?

આપણા આપસના અનૈક્ય અને સાંપ્રદાયિકતાને છોડીને તટસ્થ અને સમન્વય બુદ્ધિથી જ આપણે ભગવાન મહાવીરને સાચા અર્થમાં સમજી શકીએ અને એમના બતાવેલા અનેકાંતવાદને જીવનમાં ઉતારીને જ અથવા વિચાર-આચાર સહિષ્ણુતા ધારણ કરીને જ ભગવાન મહાવીરની સાચી રીતે પૂજા અથવા આજ્ઞારાધના કરી શકીએ.

વાસ્તવમાં જોઈએ તો જૈનનો અર્થ જ થાય છે રાગ-દ્વેષ વિજેતાઓનો અનુયાયી. જો જૈન થઈને આપસના સંઘર્ષ, કલેશ દ્વારા રાગદ્વેષ વધારવાનો પ્રયત્ન કરે છે તો તે નામનો જૈન છે, સાચો જૈન તો કોઈપણ પ્રાણીને પોતાના વ્યવહારથી દુઃખી નથી કરતો એટલે તો હું વારંવાર એ વાત પર જોર આપતો રહું છું કે ભલે આપણા સંપ્રદાય અથવા ગચ્છ અલગ હોય, પરંતુ આપણામાં વિચાર-સહિષ્ણુતા અને સમન્વય બુદ્ધિ રહેશે તો આપણે બધા અનેકરૂપ હોવા છતાં પણ એક રહીશું. અર્થાત્ આપણી અનેકરૂપતાથી પૃથકતા પેદા ન થતા એકતા પેદા થશે. આ રીતના વ્યવહારથી જ આપણે સાચા અર્થના અનેકાંતવાદી જૈન કહેવાઈ શકીશું.

એકતામાં કેટલી શક્તિ છે, એનાથી તો તમે સારી રીતે પરિચિત છો. રેલગાડીમાં ડબ્બા અલગ અલગ હોવા છતાં પણ એન્જિનની સાથે જયારે પરસ્પર એક સાથે જોડાઈ જાય છે, તો હજારો ટન બોજ ખેંચીને લઈ જાય છે. હજારો યાત્રીઓને એક સ્થાનેથી બીજા સ્થાન પર પહોંચાડી દે છે. જો તે ડબ્બા એન્જિનની સાથે ન જોડાય અને એક લાઈન પર ન મળે તો શું? જુદા જુદા રહીને કંઈ પણ ભાર ન ખેંચી શકે અથવા યાત્રીઓને નિર્ધારિત સ્થાન પર પહોંચાડી પણ ન શકે. એટલે હું કહું છું કે ભગવાન મહાવીરરૂપી અથવા જૈનધર્મરૂપી એન્જિનની સાથે બધા સંપ્રદાય અથવા ફિરકારૂપી ડબ્બા વિચાર સહિષ્ણુતા અને આચાર સહિષ્ણુતાના બંને સમાન પાટા પર એક સાથે જોડાઈ જાય, મળી જાય તો તે ગચ્છ સંપ્રદાય રૂપી ડબ્બા મોક્ષના યાત્રીઓને સકુશળ પોતાના નિર્દિષ્ટ સ્થાન પર પહોંચાડી શકશે. હજારો ધર્મધુરંધરોના જીવનની મુશ્કેલીઓનો બોજો ખેંચીને એમને માનસિક દુઃખમાંથી મુક્ત કરી શકશે.

*રજૂઆત : મુકેશ એ. સરવૈયા. (ગુજરાત સમાચાર તા. ૬-૯-૦૧ માંથી સાભાર)*

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ'રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.....

બી સી એમ કોરપોરેશન

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)
નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૨)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

**માસિકમાં આવતા શ્રી અષ્ટાપદ કૈલાસ માનસરોવરના લેખના લેખક શ્રી કાન્તિલાલ દીપચંદ શાહ ઉ. વ. ૭૬ ગત તા. ૩ જાન્યુ.ના રોજ રાજકોટના રેસક્રોસ મેદાન ખાતે ગુજરાત રાજ્યની વેટરન-વયસ્ક (૪૦ વર્ષની ઉપરના સ્ત્રી અને પુરૂષ) એથલેટીક્સ સ્પર્ધામાં પાંચ કી.મી વોકમાં ત્રીજા ક્રમે, દડા ફેંકમાં પ્રથમ ક્રમે અને ચક્ર ફેંકમાં પ્રથમ ક્રમે આવેલ. ઉપરાંત કાન્તિભાઈએ શેત્રુંજા ડુંગરની ૯૯ યાત્રા, ગીરનાર, આબુ, સમેતશીખર, હિમાલયમાં આવેલ બદ્રીકેદાર, અમરનાથ અને કૈલાસ માનસરોવરની યાત્રા કરેલ છે.**

**એથલેસ્ટીક સ્પર્ધામાં ભાગ લેનાર વયસ્કોને વિદાયમાન આપવાનો સમારોહ ગત તા. ૨૫ મી ડીસેમ્બરે શેઠ શ્રી બકુભાઈને હસ્તે થયો હતો. તેઓએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.**

અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા કરીને હૈયામાં સંતોષ માનતા અમે દારચેનથી સવારે નીકળી માનસરોવર પાસે રહેલા બીજી બેચના યાત્રિકોને લઈને તાકલાકોટ બપોરે ત્રણ વાગ્યે પહોંચ્યા રસ્તામાં યાત્રિકોએ એક બીજાને હસવા જેવા તથા દુ:ખદ અનુભવો વર્ણવ્યા. ઈશ્વરે યાત્રિકોનો સાચા હૃદયનો પોકાર સાંભળ્યો એટલે આનંદ આનંદ થઈ ગયો. તાકલાકોટમાં ફરીથી એજ પુરંગ ગેસ્ટ હાઉસમાં ઉતારો. ઘંટનો અવાજ અને ચાઈનીઝ ખાવાનું ખૂબ જ કંટાળો આવેલો કાતિલ ઠંડો પવન આવી રહ્યો હતો અને ઠંડી ખૂબ જ હતી વળી અવારનવાર વરસાદ પડતો હતો જેથી બપોર પછી બધાએ આરામ કર્યો.

બીજે દિવસે સવારે ૧૦૦૦ વર્ષ પુરાણા ખોચરનાથ બુદ્ધ મંદિર તથા જોરાવર સિંહજીની સમાધી જોવા ગયેલ. ખોચરનાથ મંદિર કરનાળી નદીને કિનારે તાકલાકોટથી ૬૦ માઈલ દૂર છે. ભાષાની અગવડતાને કારણે તેનો ઈતિહાસ જાણી શકાયો નહિ. મંદિરમાં બુદ્ધની ત્રણ ઉભી મૂર્તિઓ આવેલી છે. એકદમ સરસ શણગાર કરેલો છે. ઘણા તે મૂર્તિઓને રામ, લક્ષ્મણ તથા સિતાજીની મૂર્તિઓ માને છે. મંદિરમાં એક મોટો હોલ છે અને આજુબાજુ ગુફાઓ છે કે જેની અંદર બેસીને ધ્યાન કરી શકાય અંધારૂ ઘણું જ રહે છે પણ દિવાઓ જલતા હોવાથી પ્રકાશ રહે છે. મૂર્તિઓ પાસે દીવો પ્રગટાવવાની માનતા માનવામાં આવે છે. અમોએ પણ સફળ યાત્રા નીમીત્તે એક યાન આપીને દીવો પ્રગટાવ્યો હતો. આજુબાજુના જીલ્લામાં આ બૌદ્ધ મઠ મોટામાં મોટો છે બોદ્ધ લામાઓ મંદિર પાસે રહે છે. અહિંયા પણ તાડપત્રીય જુના શાસ્ત્રોનાં બંડલો કપડામાં વીટાળીને રાખેલ છે. બૌદ્ધ ભગવાનના ચારિત્રના કપડા ઉપર ચીતરેલા મોટા મોટા પડદા દીવાલ પર લટકે છે. જંગલી પ્રાણીઓની ખાલો પણ રાખેલ છે.

આ પછી અમે જોરાવર સિંહજીની સમાધી જોવા ગયા હતા. એકસો પચાસ વર્ષ પહેલાં જોરાવર સિંહજી કાશ્મીર રાજયના સર સેનાપતિ હતા. તેઓએ કૈલાસ માનસરોવર આસપાસનો તિબેટનો પ્રદેશ જીતી લીધો હતો. કોઈપણ કારણસર તેઓને તિબેટની બહાર જવાનું થયું. તે અરસામાં જીતેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશમાં બળવો થયો. એ બળવો દબાવવા જતાં તેઓએ પોતાનો પ્રાણ ખોયો. તેઓ ખુબજ મીલનસાર સરળ તથા જનતામાં પ્રિય હતા જેથી તિબેટીયનોએ તેમના માનમાં સમાધીની રચના કરી હતી સમાધી જોઈને દુઃખ થયું હતું સમાધી અડધી તુટેલી છે સમાધીની રખેવાળ કરનાર કોઈ નથી.

ગેસ્ટહાઉસ પાછા ફર્યા પછી ચીનની સરકાર તરફથી કૈલાસ માનસરોવરના સાત ફોટાવાળું આલ્બમ દરેક યાત્રિકને આપવામાં આવ્યું તથા જેઓએ પગે ચાલીને યાત્રા કરી હોય તેઓને વિશિષ્ટ માનપત્ર આપવામાં આવ્યું. યાત્રિકોએ ચીનની યાદગીરી માટે ચાઈનીઝ પોસ્ટની સ્ટેમ્પનો તથા તેના ચલણનો એક એક સેટ ખરીદ્યો. જે યાન અમારી પાસે બચ્યા હતા તેનું ડોલરમાં રૂપાંતર કર્યું. આવતી કાલે માતૃભૂમિમાં પ્રવેશ કરવાનો છે તે વીચાર કરતાં રાત્રે સૂઈ ગયા.

આજે યાત્રાનો ૨૧મો દિવસ, અષ્ટાપદ કૈલાસ માનસરોવરની પવિત્ર ભૂમિને છોડતાં દુઃખ થાય પણ માતૃભૂમિમાં જવાનું હોવાથી આનંદ પણ થાય. ચાર વાગ્યે જાગી ચા પાણી પી તથા નાસ્તો કરીને તાકલાકોટથી બસમાં બેસીને સવારે સાત વાગ્યે લીપુપાસ પહોંચ્યા વાતાવરણ શાંત હતું ઠંડીનું પ્રમાણ અતિશય હતું. બરફનું પ્રમાણ નહિવત હતું. જેથી લીપુપાસ સરળતાથી પસાર કરી ગયા. માતૃભુમિના દર્શન કરતા ભારત માતાકી જે બોલાવી મીલીટરીના જવાનો અમને આવકાર આપવા આવી ગયા હતા. અમારા ખબર અંતર પૂછયા ને યાત્રા સારી ગઈ જાણી સંતોષ વ્યક્ત કર્યો. લીપુપાસ પસાર કરીને ધારચુલા થઈને દિલ્હી ૨૭મીને દિવસે પહોંચ્યા. જે રસ્તે ગયા હતા તેજ રસ્તે પાછા ફર્યા ફરક એટલો કે જે બાજુએથી ડુંગરાઓ ચડયા હતા તે ઉતરવાના હતા અને જે બાજુ ઉતર્યા હતા તે બાજુથી ચડવાના હતા. જે ૪૪૪૪ પગથીયા ઉતર્યા હતા તે ચડવાના હતા. ચડતા અમારો દમ નીકળી ગયો. બાકી આખી યાત્રામાં કોઈ તકલીફ પડી ન હતી દિલ્હીમાં બીજે દિવસે સવારે યાત્રિકોને કૈલાસ માનસરોવર યાત્રા સફળતાપૂર્વક પસાર કરેલ છે તેવું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. જમી કરીને અશોક હોટલમાં પહોંચ્યા કે ત્યાં આવજો આવજો ના અવાજો સંભળાયા. પોતાના ગામ જવા માટે ટ્રેઈનનો ટાઈમ થતા યાત્રિકો પોતપોતાનો સામાન લઈને નીકળ્યા બાકીનાઓએ દરવાજા સુધી જઈને ગદગદ કંઠે હાથ હલાવીને આવજો કહ્યું. કેટલાકે એકબીજાને ભેટીને આંખમાં આંસુ સાથે વિદાય આપી હું પણ વાચક વર્ગને પવિત્ર અષ્ટાપદ કૈલાસ માનસરોવરની ભાવ યાત્રા કરાવીને આવજો કહીને રજા લઉં છું.

પવિત્ર કૈલાસ માનસરોવરની યાત્રા ઉપરના લેખો છાપવા બદલ હું શ્રી જૈન આત્માનંદ સભાના ટ્રસ્ટી, કાર્યકરો તથા સ્ટાફ ભાઈઓનો અંતઃકરણ-પૂર્વક આભાર માનું છું. *(સંપૂર્ણ)*

## ડો. કુમારપાળ દેસાઈને 'પદ્મશ્રી'નો ગોરવવંતો એવોર્ડ

પ્રજાસત્તાક પર્વના દિવસે ભારત સરકાર તરફથી ડૉ. કુમારપાળ દેસાઈને શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિને અનુલક્ષીને કરેલા કાર્યો માટે 'પદ્મશ્રી'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે. છેલ્લા ૪૦ વર્ષથી પ્રેરક, મૂલ્યનિષ્ઠ અને આધ્યાત્મિક સાહિત્યસર્જન કરીને માત્ર રાજય રે રાષ્ટ્રમાં નહીં બલ્કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા સંપાદિત કરી છે. સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, સમાજસેવા અને સંસ્કૃતિ-વિચારક તરીકેનું એમનું વ્યક્તિત્વ ચોપાસ માનવીય ભાવનાઓ અને આધ્યાત્મિક અભિપ્સાઓની સુવાસ ફેલાવતું રહ્યું છે. ૧૦૦ થી પણ વધુ ગ્રંથો લખનાર ડૉ. કુમારપાળ દેસાઈના પાંચ પુસ્તકોને કેન્દ્ર સરકારના અને ચાર પુસ્તકોને ગુજરાત સરકારના પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ✻ અહિંસા : એક પરિશીલન ✻

પંન્યાસ ભુવનસુંદર વિજયજી મ.સા. પરેલ-મુંબઈ

**(૧) વ્યક્તિ :**—જે રાગ-દ્વેષ-મોહાદિ કષાયના કારણે વ્યક્તિ કર્મબંધ કરે છે. તે કર્મબંધ એક સરખો હોતો નથી. રાગાદિની વિચિત્રતા-વિવિધતાથી સ્થિતિ-રસ આદિના કારણે કર્મબંધમાં પણ તફાવત-અંતર પડે છે. પરન્તુ જે વ્યક્તિ ઉપશાંત મોહ છે, જે ક્ષીણ મોહ છે, જે સયોગી કેવલી છે. તેમને ઈર્યાપથિકી ગમનાગમન યોગમાત્ર હોવાથી તે બધાને કર્મબંધ એક સરખો હોય છે. તેઓને એકમાત્ર શાતાવેદનીય કર્મ એક સમયનું બંધાય છે. આથી આ વાત સિદ્ધ થાય છે કે ક્રિયા કરવા માત્રથી કર્મબંધમાં ઓછા-વધતાપણું નથી પરંતુ રાગાદિની તીવ્રતા મંદતાના કારણે કર્મબંધમાં વિશેષ તફાવત પડે છે.

તેમ જ્ઞાની, ગીતાર્થ, જયણાવાળી વ્યક્તિ અલ્પ કર્મબંધ કરે છે. જ્યારે અજ્ઞાની વ્યક્તિ અધિક કર્મબંધ કરે છે. કારણ કે જ્ઞાની-વિવેકી વ્યક્તિ-પરિણામ-ગુરુલાઘવભાવ-હિતાહિત-લાભનુકશાન આદિનો વિચાર કરનાર હોય છે.

**(૨) ભાવ :**—શુભ અને અશુભ એમ બે ભાવ છે. શુભભાવથી સ્વાસ્થ્ય પ્રાપ્તિમાટે ઓપરેશન કરવા છરીથી ચેકો મુકનારો ડૉક્ટર કદાચ દર્દી મરી જાય તો પણ ગુનેગાર ગણાતો નથી. અને અશુભભાવથી છરી મારનારો ચોર કોઈ વ્યક્તિ ન મરવા છતાં ખૂનનો ગુનેગાર ગણાય છે. પક્ષીને જીવાડવા અનાજ નાંખનાર અને તેને પકડવા અનાજ નાંખનારના કર્મબંધમાં તફાવત પડે જ છે.

તીવ્ર રાગાદિ ભાવથી તીવ્ર કર્મબંધ થાય છે. મંદ રાગાદિ ભાવથી મંદ કર્મબંધ થાય છે. અને મધ્યમ ભાવના કારણે કર્મબંધ પણ મધ્યમ બંધાય છે. તેમ જે ક્ષાયિક-ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે તે મંદતર-મંદ કર્મબંધ કરે છે. તેમ કોઈ તીર્થયાત્રાના શુભભાવથી ભક્તિ-બહુમાનથી તીર્થમાં જાય અને બીજો એજ તીર્થમાં મોજમજા કરવા કે હરવા-ફરવા જાય તો કર્મબંધમાં તફાવત પડે છે. એક ગુરુમંદિર કે ગુરુના પગલા બનાવે બીજો ઘર-મકાન બનાવે આ બન્નેમાં પણ ભાવથી કર્મબંધમાં તફાવત પડે છે. એક વ્યક્તિ ઉપકારી ગુરુનો ફોટો બનાવે અને બીજો રાગથી સ્ત્રીનો ફોટો બનાવે તે બન્નેમાં પણ ભાવના કારણે કર્મબંધ અલગ અલગ થાય છે.

**(૩) અધિકરણ :**—હિંસક કે અહિંસક સાધન બનાવવા-જોડવા રાખવા તેમાં પણ કર્મબંધમાં તફાવત પડે છે. એક વ્યક્તિ વસ્ત્ર સીવવાની સોય બનાવે છે. બીજો જીવહત્યા કરવા માટે સૂયો, તીર, તલવાર, ભાલો કે બંદૂક આદિ શસ્ત્રો બનાવે છે. તેમાં પ્રથમને કર્મબંધ અલ્પ થાય છે. જ્યારે છેદન-ભેદન કરનારાં શસ્ત્રો બનાવનારને કર્મબંધ ભારે થાય છે.

એમ વાહનમાં પણ સમજવું કે સવારી માટેના સાયકલ કે કાર બનાવનાર ને મધ્યમ કર્મબંધ અને યુદ્ધ માટેના તોપગાડી, ટેન્ક, વિમાન આદિ બનાવનારને મહાન કર્મબંધ થાય છે.

અધિકરણને જોડવા-સંયોજન કરવામાં પણ કર્મબંધમાં તફાવત પડે છે. જેમ કોઈ વૈદ્ય રોગ દૂર કરવા હરડેને સૂંઠ સાથે મેળવે અને કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ–લાલસાથી માંસમાં દહીં ભેળવે, આ બન્નેમાં કર્મબંધની તરતમતા છે.

કોઈ ખેડૂત ખેતર ખેડવા માટે હળને યુગ સાથે જોડે અને કોઈ શિકારી હરણદિને ફસાવવા જાળને દોરડા સાથે બાંધે. આ બન્નેમાં પણ કર્મબંધની વિવિધતા જાણવી. જેમ કે શિકારી ફાંસલો જોડે–રચે તેમાં સંક્લિષ્ટ પરિણામ હોવાથી તીવ્રતર કર્મબંધ થાય છે. તેની અપેક્ષાએ હળજોડે તેમાં ઓછો કર્મબંધ. તેમ વસ્ત્ર બનાવવામાં મધ્યમ કર્મબંધ અને માછલી પકડવાની જાળ બનાવે તેમાં તીવ્ર કર્મબંધ જાણવો.

(૪) **વીર્ય** = એટલે બળ, પરાક્રમ, સંહનન (શરીરના બંધારણ)ના કારણે થયેલું શરીર સામર્થ્ય તેને વીર્ય કહેવાય. તે બળ–વીર્યના આધારે કર્મબંધમાં વિવિધતા થાય છે. જેમ કે સેવાર્ત (છેવટ્ટા) સંઘયણવાળા જીવને શુભ કે અશુભભાવ મંદ પરિણામવાળો હોય છે. તેથી જ આ પંચમકાળમાં શુભભાવથી જીવ ચોથા દેવલોક સુધી ઉર્ધ્વગતિ પામે છે. અને અશુભ ભાવથી બીજી નરક સુધી અધોગતિ પામે છે, પણ તેથી અધિક નહીં.

જયારે વજ્રઋષભનારાચ સંઘયણવાળા અશુભભાવથી સાતમી નરક સુધી જઈ શકે અને શુભભાવથી કેવળજ્ઞાન પણ પામી શકે છે.

(૫) **પરિણામ** :—જીવના મનના પરિણામના આધારે કર્મબંધ થાય છે. હિંસાદિ પાપ કરનારના રાગ–દ્વેષાદિ પરિણામ તીવ્ર હોય–મંદ હોય તે મુજબ કર્મબંધમાં તફાવત પડે છે. એક આ કાંદા–બટેટા અનંતકાય છે, તે ખાવાથી મહાકર્મબંધ થાય તેમ જાણે છે, છતાં આનંદથી ખાય છે તો ક્લિષ્ટ કર્મબંધ થાય. અને આ કાંદા–બટેટા અનંતકાય છે તે ન ખવાય તેમ જાણે છે, છતાં પરિસ્થિતિમાં વિશેષમાં, દુઃખતા દિલે અફસોસથી ખાય તો ક્લિષ્ટ કર્મનો બંધ ન પણ થાય.

એક વ્યક્તિ જિનમંદિર, સ્થાનક (ઉપાશ્રય) કે ગુરુની સમાધિપગલ્યા મંદિર બનાવે તેમાં દેવભક્તિ–ગુરુભક્તિ અને આરાધનાનો પરિણામ હોય જયારે બીજો પોતાની નામના વાહવાહી થાય તે માટે આ બધું બનાવે તો પરિણામમાં તફાવત હોવાથી કર્મબંધમાં પણ તફાવત પડે છે.

આમ, એકજ ક્રિયામાં ભાવ સારા–શુભ–સમાન હોવા છતાં એકમાં કીર્તિ, નામના, વટ પાડવાના પરિણામ હોય જયારે બીજાને એકલા શુદ્ધ ભક્તિના–આજ્ઞાપાલનના પરિણામ હોય તો બન્નેને કર્મબંધમાં તફાવત પડે છે.

વંદિતુસૂત્રમાં કહ્યું છે કે—"સમ્યગ્દષ્ટિ જીવને યદ્યપિ કોઈ પાપ કરવાં પડે છે, છતાં તેને અલ્પ કર્મબંધ હોય છે. કારણ કે તેના મનના પરિણામ નિર્ધ્વંસ–ક્રૂર હોતા નથી.

આ રીતે ક્રિયા કરવા માત્રથી કર્મબંધમાં અલ્પ–બહુત્વ વિશેષ નથી. પરંતુ રાગાદિ અધ્યવસાયોની તીવ્રતા–મંદતાથી કર્મબંધમાં ફરક–તફાવત પડે છે. મિથ્યાત્વ–અવિરતિ–વિષય–કષાય–પ્રમાદ અને અશુભ મન–વચન–કાયાની પ્રવૃત્તિ આ બધા કર્મબંધના હેતુ છે. આ કર્મબંધના હેતુ તીવ્ર હોય તેને તીવ્ર–ક્લિષ્ટ કર્મબંધ થાય. અને આ કર્મબંધના હેતુ જેને ન હોય તેવા અયોગી કેવલીને નિયમથી કર્મનો બંધ થતો નથી.

શ્રી બૃહત્કલ્પસૂત્ર આગમના આધારે લખાયેલ આ લેખ પર સાધક–આરાધક ખૂબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનન–વિચાર કરે. જેવી ઉપયોગીતા બસ લઈને ઉપકારી ગુરુમહારાજને ગુરુવંદન કરવા જવામાં સમજાય છે. તેવી જ ઉપયોગીતા મોક્ષમાર્ગ બતાવનારા ઉપકારી તીર્થંકર ભગવાનની તીર્થ ભૂમિની યાત્રા કરવા જવામાં સમજે. જેવો પ્રેમ અને આદર ઉપકારી ગુરુના ફોટા કે પોતાના ફોટા છપાવવામાં તથા તેના પ્રચારમાં છે, તેવો જ પ્રેમ અને આદર જિનેશ્વર ભગવાનના ફોટા છપાવવામાં અને તેના પ્રચારમાં ઊભો થાય. અને જે રીતે ગુરુની છત્રી, ગુરુના સમાધિમંદિર, ગુરુના પગલા, ગુરુનું સ્મારક આદિ નિર્માણમાં ભક્તિભાવ–બહુમાન વધ્યું છે. તેવો જ ભક્તિભાવ–બહુમાન જિનમંદિર–જિનમૂર્તિ–પૂજા માટે પણ ઊભો કરાય એવી શુભાભિલાષા.

આ રીતે આરાધક પરિણામે અહિંસક ભાવવાળો બને અને જયાં અનિવાર્ય હિંસા થઈ જતી હોય ત્યાં જયણા, સાવધાની રાખીને શાસ્ત્રે કહેલી ધર્મપ્રવૃત્તિઓ કરતાં કરતાં ક્લિષ્ટ–કર્મોનો નાશ કરી આત્મોન્નતિ સાધે એ જ અભ્યર્થના.

આ સંપૂર્ણ લેખમાં પરમપાવન જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તેનું ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્

With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિતરાગદેવ જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો, ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ.

## "Ten Commandment of Lord Mahavir"

*સંકલન : આર. ટી. શાહ, વડોદરા.*

[ગતાંકથી ચાલુ]

### ૨જો ઉપદેશ–"વિચારે અનેકાન્તી બનો."

બીજાનાં દુઃખનો વિચાર કરવો તે અહિંસા છે. બીજાનાં વિચારનો વિચાર કરવો તે અનેકાંત છે. દેવાધિદેવે જગતને બહુ મોટો ઉપદેશ આપ્યો કે "તમારા જીવનના આચાર સંબધિત ફલક ઉપર તમે અહિંસક બનો." બીજો ઉપદેશ આપ્યો કે "તમારા જીવનના વિચાર ફલક ઉપર અનેકાંતિ બનો." તમો અહિંસક બનીને પરપિડન બંધ કરશો તો તમારૂં પિડન બંધ થશે. બીજાના વિચારોને ન્યાય આપશો તો તમારા ચિત્તમાં થતી અસ્વસ્થતા માનસિક તણાવોથી ઉભરાયેલ દુનિયામાં અહિંસા અને અનેકાન્તવાદ અપનાવવાની સૌને જરૂર પડે છે. એક પદાર્થને અનેક રીતે વિચારવાની શૈલી તે અનેકાન્ત શૈલી. અને આ અનેકાન્તનું બીજુ નામ છે. સ્યાદ્વાદ. અમુક અપેક્ષાએ વદવુ–વાત કરવી તેનું નામ સ્યાદ્વાદ એક વસ્તુને ભિન્ન ભિન્ન દષ્ટિકોણથી (Angle) અનેક સ્વરૂપે જોઈ શકાય છે. એક જ પુરૂષને પુત્ર તરીકે, પતિ તરીકે અને ભત્રિજા તરીકે જોઈ શકાય છે. એક જ હાથીના અંધજનોએ જુદા–જુદા સ્વરૂપો કહ્યા. જૈન શાસ્ત્રોએ હાથીના દ્રષ્ટાંત ઉપરથી ફલિત કર્યું કે તમો જેની સાથે વૈચારીક મદભેદો ધરાવો છો તે માણસ તેની રીતે સાચો પણ હોઈ શકે તેને તેના દ્રષ્ટિકોણથી વિચાર એ આધ્યાત્મિક જગતનું સર્વોત્કૃષ્ટ વાક્ય (અપેક્ષાએ) આ છે. 'કદાચ તમે પણ સાચા હો' પ્રભુ મહાવીરે ઇન્દ્રભૂતિ જેમની વેદપંક્તિઓ વચ્ચે આવતા વિરોધાભાષિ શંકાનું એવું નિરાકરણ કરી આપ્યું કે વેદોની પંક્તિઓ સાચી છે, પરંતુ તમે અર્થઘટનામાં ચૂકી ગયા છો.

જૈનદર્શન ગૌતમ બુદ્ધને સર્વજ્ઞ નથી માનતો, પરંતુ પૂ.આ. હરિભદ્રસૂરિશ્વરજીએ યોગની ત્રીજી દ્રષ્ટિમાં વિવરણમાં ગૌતમ બુદ્ધને સર્વજ્ઞ કહ્યા છે. ત્રીજી દ્રષ્ટિએ પહોંચેલા જે જીવો હોય તેમાં ગૌતમ બુદ્ધનાં અનુયાયિ હોય તેઓની અપેક્ષા એ ગૌતમ બુદ્ધ સર્વજ્ઞ હતા. જયારે ગૌતમ બુદ્ધે જાતે જ કહ્યું છે કે ક્યાં કેટલા જીવો છે, આ સંખ્યાજ્ઞાન હું જાણતો નથી. પરંતુ પ્રભુ મહાવીર જેઓ સર્વજ્ઞ છે. તે અત્યારે હું ચાલુ છું, બેઠો છું, જે કાંઈ કરૂં છું તે સઘળું તેઓ જાણે છે. આ રીતે ગૌતમ પોતે જ કહે છે કે હું સર્વજ્ઞ નથી આ રીતે આનું નામ જ અપેક્ષાવાદ અને તે જ સ્યાદ્વાદ. જૈનોને અનેકાન્તવાદ મળ્યો છે. તેજ આખા વિશ્વને એક કરી મૂકે તેવો છે, તો જૈનો જ મતમતાન્તરો છોડી દઈને તેઓ સૌ એકઠા કેમ ન થઈ શકે? આજ બોધપાઠ સકળ જૈન સંઘોએ લેવા જેવો છે તો જ આપણે મહાવીરનાં સાચા અનુયાયી કહેરાવી શકીશું.

### ૩જો ઉપદેશ–"જીવનમાં કર્મવાદી બનો."

દેવાધિદેવ પરમાત્માએ દરેક આત્માના અસંખ્યા પ્રદેશો ઉપર પડેલી કાર્મણ વર્ગણાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈ. એના બંધ, ઉદય, ઉદીરણા જોયા; સંક્રમ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના વગેરે કારણો જોયા. બાંધેલુ કર્મ કેટલાક કાળ સુધી આત્માને કશી પીડા કરતું નથી તે અબાધાકાળ જોયો. અને પીડા કરવા અંગેનો વિપાક કાળ પણ જોયો.

કર્મના ઉદયે જીવ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક બને છે. જીવોની ઋજુગતિ તેમજ વક્રગતિ પણ જોઈ, કર્મના મૂળ આઠ પ્રકાર અને કુલ ૧૫૮ પેટા પ્રકાર છે. દેવાધિદેવે ફરમાવ્યું છે કે, ભૂતકાળનાં જન્મના કર્મો જ સામાન્યતઃ ઉદયમાં આવતાં હોય છે, પણ કેટલીવાર ઉગ્રરસથી બાંધેલા આ ભવના કર્મ આ ભવમાં જ આવી શકતા હોય છે.

કર્મોના તોફાનો એટલા બધા ખતરનાક હોય છે કે, ક્ષણમાં રાજાને રંક બનાવી દે છે. અને રંકના રાજા બનાવી દે છે. પ્રભુ મહાવીરે નયસારના ભવમાં સુંદર સમ્યક્ દર્શન પ્રાપ્ત કર્યું. એવા પ્રભુને પણ મરિચીના ભવમાં એવા શિથિલ બનાવી દીધા કે પ્રભુને મરિચિમાંથી મહાવીર બનતા અસંખ્યકાળ સુધી નારકી આદીના દુઃખોને સહન કરવું પડ્યું. કર્મ સત્તાએ પ્રભુ મહાવીરને પણ છોડેલ ન હતા. આ પ્રભુ મહાવીરનું કર્મ વિજ્ઞાન સમજીએ તો ગમે તેવા આકરા પ્રસંગોમાં પણ સ્વસ્થતા રાખી શકાય, એનું સુંદર દ્રષ્ટાંત જૈન ધર્મમાં આપવામાં આવેલ છે. તે મુજબ સુજ્ઞ શ્રાવક પોતાના જુવાન જોધ દીકરાને સ્મશાને મુકી આવીને પોતે ગુરૂદેવને જાતે જ કહી શકે કે ઘેર મહેમાન આવેલ તેને વળાવવા ગયો હતો. માટે હું સવારે વ્યાખ્યાનમાં ન આવી શક્યો. આ છે પ્રભુ મહાવીરના કર્મવાદનો ઉપદેશ આપણે સહુ ઋણાનુબંધ મુજબ કુટુંબમાં ભેગા થઈએ અને ઋણાનુબંધ પુરા થતાં છુટા પડીએ છીએ.

ભગવાન મહાવીરના કર્મ વિજ્ઞાનને બરાબર સમજીએ, જેથી સુખે લીન ન થઈ જવાય અને દુઃખે દીન ન બની જવાય. પ્રભુ મહાવીરે આચારમાં અહિંસા, વિચારમાં અનેકાન્તની ભેટ આપી છે. અને ત્રીજી ભેટ છે પુરૂષાર્થપ્રેરક કર્મવાદ કર્મનું સુક્ષ્માતી સુક્ષ્મ નિરૂપણ તારક તિર્થંકર સિવાય કોઈએ કર્યું નથી. અજૈન વિદ્વાનો પણ આ વાતને એક મતે સ્વીકારે છે. છ કર્મગ્રંથ, પંચસંગ્રહ અને કમ્મપયડી વિગેરે ગ્રંથો ભણનાર આ વાતો સહેલાઈથી કબુલ કરશે. કર્તૃત્વાદ જેવો આ કર્મવાદ પાંગળો નથી કે ઇશની ઇચ્છા વગર પાંદડું પણ હલી ન શકે.

નિકાચીત કર્મ એવા કર્મો છે કે જીવે ભોગવ્યા વિના છુટકો નથી. બાકીના કર્મો હજુ ઉદયમાં ન આવ્યા હોય તો જોરદાર પ્રતિક્રિયામાં પુરૂષાર્થ કરે તો આત્મ પ્રદેશ ઉપરથી પાછા આકાશ પ્રદેશોમાં ફેંકી દે અગર તેની સ્થિતિ ઘટાડી દે. કોઈ પણ કર્મનો કર્મ બંધ થયા પછીથી તે તુર્તજ ઉદયમાં આવે એવું હોતું નથી. આ કાળને અબાધા કાળ કહેવાય છે.

પરમાત્મા કહે છે કે આવા અબાધા કાળનો જેટલો લાભ ઉઠાવી શકાય તેટલો ઉઠાવી લેવો જોઈએ. આવા અબાધાકાળમાં તપ, તીવ્રપશ્ચાતાપ સહિત પ્રાયશ્ચિત્ત કરીને કર્મનો ભૂક્કો બોલાવી દો. આ સિવાય બીજો સરળ રસ્તો ગુરૂભક્તિ છે. જયારે શ્રેષ્ઠ કર જ્ઞાનદશા છે. પ્રભુ મહાવીરે ૧૨।। વર્ષની ઘોર તપશ્ચર્યા દ્વારા એટલું બધુ શૌર્ય બતાવ્યું કે, ગૌશાલક, ચંડકૌશિક અને સંગમને પોતાના ઉપકારી તરીકે સ્વીકાર્યા હતા અને કર્મોને સમાધિપૂર્વક સહન કરી લીધા હતા. આ છે કર્મ ખપાવવાનો શ્રેષ્ઠ ઉપાય, જે પ્રભુ મહાવીરે પોતાના જીવન દ્વારા આપણને સૌને બતાવેલ છે. અનુદય ગત કર્મોને શૌર્યથી ખતમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી દો અને ઉદયગત કર્મોને સમાધિથી સહન કરી લો. અશુભ કર્મોને ખતમ કરવા માટે પાપકર્મ સામે પુણ્યકર્મને મૂકી દો જે પાપકર્મને ખતમ કરી દેશે. પરંતુ પરમાર્થ ભાવનાથી પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે.

ગરીબોની નિર્ભેળ દુઆથી, ગુરૂની નિર્મળ કૃપાથી અને દેવાધિદેવની નિષ્કામ સેવાથી પણ પુણ્યાનુંબંધી પુણ્ય બાંધી શકાશે. પ્રચંડ પુરૂષાર્થ કરવા છતાં પણ કર્મો ખપે નહીં તો છેવટે નિયતિને સલામ કરવાની એટલે પહેલા પુરૂષાર્થકરણ છેલ્લે નિયતિ દર્શન એ પ્રભુ મહાવીરનાં કર્મવાદનો ઉપદેશ કહી શકાય.

## દેવાધિદેવનો એક આદેશ.

**દેવાધિદેવનાં છ સંદેશ (મુક ઉપદેશ) આપણે જોયા; ત્રણ ઉપદેશ જાણ્યા; હવે એક આદેશને સમજીએ.**

ભગવાન જિનેશ્વર દેવોએ ઘણાં બધા વિધાનો કર્યા છે; ઘણા બધા નિષેધ પણ કર્યા છે; પરંતુ એકાંતે વિધાન કે એકાંતે નિષેધરૂપે તેમણે કોઈ જ આદેશ કરેલ નથી એક જ આદેશ એકાંતે કર્યો છે કે, ''હે પુણ્યાત્માઓ! તમારે હૈયાથી સાવ સરળ રહેવું. કદી દંભ ન કરવો.''

સરળ એટલે રાગ દ્વેષની અશુભ પરિણતિઓથી ઉત્પન્ન થતા કપટ ભાવનો અભાવ. સરળ બનવાની વાતને પ્રભુએ અતિશય મહત્વ કેમ આપ્યું છે, તે વાત આપણે બરાબર સમજી લઈએ. માનવ જીવનમાં ધર્મ પામીને મોક્ષે જવું આ આપણો ઉદ્દેષ છે. ધર્મ ગમે તેટલો કરીએ પણ એની સાથે કાળ આદીના પ્રભાવે દોષો લાગતા જ રહે છે.

આ દોષને તપ આદીથી સાફ ન કરી દઈએ તો રત્નત્રયીની ગમે તેટલી ઉંચી આરાધનાથી મોક્ષ મળે નહીં. રત્નત્રયિથી મોક્ષ જરૂર મળે પરંતુ તેમાં લાગતા દોષોને સાફ કરીએ તો જ મોક્ષની પ્રાપ્તિ થાય. દોષોને તે જ આત્મા સાફ કરી શકે કે જે હૈયાનો એકદમ સરળ હોય. જેને હૈયે કપટ હોય એટલે કે અહંકાર આદી દોષો હોય તે તે આત્મા ગિતાર્થ ગુરૂપાસે સુંદર પાપશુદ્ધિ કરી શકતો નથી, અને ત્યાં સુધી રત્નત્રયીનું કષ્ટમય આરાધન પણ ધર્મ સ્વરૂપ બને નહિ, ધર્મ વિના મોક્ષ કદી થાય નહીં. આ રીતે મોક્ષ પામવા માટે સરળતા ખૂબજ જરૂરી છે, જે આત્માની શુદ્ધિ કરાવે અને મોક્ષ પણ અપાવે.

માષતુષમુનિ પાસે કોઈ આગમોનું જ્ઞાન ન હતું, માત્ર મારૂષા–માતુષ આટલા બે શબ્દો પણ યાદ રહેતા નહોતા અને માષતુષ ગોખતા ગોખતાં જ કેવળજ્ઞાન પામી ગયા. જયારે તપસ્વી મુનિઓ, માસક્ષમણના મુનિઓનો તપ નિષ્ફળ ગયો કારણ કે તેમના હૈયે સરળતા ન હતી અને ઉત્કટ કષાય હતો. આથી જ ઉત્તરાધ્યન સૂત્રમાં જણાવ્યું છે કે, સરળ જ શુદ્ધિ કરી શકે અને શુદ્ધમાં જ ધર્મ સ્થિર થાય. આ રીતે દેવાધિદેવનો એકમેવ એકાંતે આદેશ છે કે સરળ બનો.

અપયશ વહોરીને પણ નિર્મળ ચારિત્ર જીવન જિવાતું હોય તો જીવવું જોઈએ. પ્રભુ મહાવીરના દશ ફરમાનોને જીવનમાં ઉતારીને મોક્ષના પંથ તરફ જવાની અને આત્માને નિર્મળ એટલે કે કપટ રહીત બનાવીને આપણા અંતરની ભાવનાઓને સફળ બનાવીએ એજ અભ્યર્થના.

''જિનેશ્વરની આજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ લખાઈ ગયું હોય તો ''મિચ્છામિદુક્કડમ''

*(આધાર– પૂ. પંન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સા. કૃત "તીર્થંકર પરમાત્મા મહાવીર દેવ" પુસ્તિકા.)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા
## શ્રી સ્થંભન તીર્થ (ખંભાત) સહ પંચતીર્થી યાત્રા પ્રવાસ

શ્રી મહાવીર સ્વામી તથા શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની જય સાથે ગત તા. ૧૦-૧-૦૪ને શનિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ભાવનગરથી ખંભાત પ્રયાણ કરી સ્થંભન તીર્થે રાત્રી રોકાણ કરેલ. તા. ૧૧-૧-૦૪ને રવિવારના રોજ સવારના ૭ થી ૮:૩૦ શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુ જિનાલયે સમૂહ સ્નાત્ર પૂજન કરી, યાત્રિકોએ પક્ષાલપૂજા, આરતી, શાંતિકળશ વિગેરે ધર્મ કાર્યોના આદેશ લઈ ભક્તિભાવપૂર્વક સમૂહ ચૈત્યવંદન કરેલ. ત્યારબાદ ચૈત્ય પરિપાટીમાં ઘણા દેરાસરોએ દેવદર્શનનો લાભ લઈ નવકારશી કરવામાં આવેલ. સવારના ૧૧:૩૦ કલાકે ખંભાતથી રવાના થઈ વટામણ ચોકડી સ્થિત સૂરિ પ્રેમ ભુવનભાનુ ધર્મધામ તીર્થે બિરાજમાન શ્રી આદિશ્વરદાદાની પૂજા-ચૈત્યવંદન કરી બપોરનું જમણ લઈ અહિંથી ૨=૧૫ કલાકે કલિકુંડ તીર્થ તરફ પ્રયાણ કરેલ. અહિં પણ ભાવિકોએ પૂજા કરી હતી તેમજ સૌએ સમૂહ ચૈત્યવંદન કરી ચૌવિહાર ચા-પાણીને ન્યાય આપી સાંજના ૬=૦૦ કલાકે નંદનવન (તગડી) શ્રી મુનિસુવ્રતદાદાના દર્શન કરી અયોધ્યાપૂરમ તરફ પ્રયાણ કરેલ. અહિં દાદાશ્રી આદિશ્વર ભગવાનની ભવ્યાતિભવ્ય પ્રતિમાજીના દર્શન-ચૈત્યવંદન કરી ભાવનગર તરફ પ્રયાણ કરેલ. આ યાત્રા પ્રવાસનું સફળ આયોજન સંસ્થાના ઉપપ્રમુખશ્રી જસવંતરાય સી. ગાંધી, માનદ્ મંત્રીશ્રી મનહરલાલ કે. મહેતા તથા શ્રી ચીમનલાલ વી. શાહ, ખજાનચી શ્રી હસમુખલાલ જે. શાહ તથા કારોબારીના સભ્યશ્રી નિરંજનભાઈ પી. સંઘવીએ સંભાળ્યું હતું. નવકારશી, બપોરનું જમણ, સાંજનું જમણ આદિના આદેશો આપવામાં આવેલ. જીવદયા માટે રૂા. ૨૫૧ તેમજ દરેક યાત્રીક દીઠ રૂા. ૫૪ નું સંઘપૂજન કરવામાં આવેલ.

આ યાત્રા દરમ્યાન દરેક યાત્રિકો પ્રફૂલ્લીત અને આનંદમગ્ન હતા. ચારેક દિવસના આવા યાત્રા પ્રવાસનું આયોજન કરવા યાત્રિકો તરફથી નમ્ર સૂચન આવેલ. જેને સંચાલકશ્રીઓ આવકાર્યું હતું. આ યાત્રામાં સભાના સભ્યશ્રીઓ અને મહેમાનશ્રીઓ મળી કુલ ૫૬ યાત્રિકોએ ભાગ લીધો હતો.

*અહેવાલ : શ્રી મનહરલાલ કે. મહેતા*

**શરીર ભાડુતી ઘર છે. ભાડાના ઘરને કંઈ બહુ સાચવવાનું ન હોય. એમાં રહેવાનું છે, એથી થોડી ઘણી એની સાર સંભાળ લેવાય ખરી, પણ એને પોતાનો મહેલ માનીને કંઈ એની સજાવટ પાછળ સંપત્તિ વેડફી ન દેવાય. આત્માનું અસલ ઘર મોક્ષ છે, શરીર તો આત્માને મળેલું ભાડુતી ઘર છે. આટલું સમજાઈ જાય, તો દેહલક્ષી મટીને આત્મલક્ષી બની જતાં વાર ન લાગે.**

*-પૂ. આ. શ્રી. વિજયઅમૃતસૂરીશ્વરજી. મ.સા.*

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો

## (સં. ૨૦૧૮ પો. સુ. ૩-૪ મંગળવાર, સ્થળ : પોળની શેરી-પાટણ)

**मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु ।**
**मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥**

શાસ્ત્રકાર ભગવંતોએ ચાર વસ્તુ મંગલરૂપ કહી છે. વસ્તુ મંગળભૂત હોય પણ આપણામાં મંગળ પ્રત્યે આદર બુદ્ધિ ન હોય તો તે મંગળભૂત ન બની શકે. માટે મંગલના ભાવપૂર્વક દેવ-ગુરુ પાસે જવાથી લાભ થાય છે.

આદરબુદ્ધિનું લક્ષણ શું ? ઉત્તમ દ્રવ્ય અને ભાવથી તેમની સેવા કરીએ તે...સાધુ પાસે ભાવ છે. દ્રવ્ય નથી. સોનાનો હાથી ને ચાંદીની આંખ એ દ્રષ્ટાંત સાધુને લાગુ પડે. સાધુ ભાવથી ભરપૂર છે. ભાવની કિંમત ઘણી છે. સાધુ પાસે મન, વચન અને કાયા એ પોતાના છે. તેનાથી જે ક્રિયા કરે છે તે તેમની દ્રવ્ય ક્રિયા છે.

ગૃહસ્થો પાસે બાહ્ય ધન છે. તેથી તેમની ભક્તિમાં દ્રવ્ય-ભક્તિ આવશ્યક છે. દ્રવ્યભક્તિપૂર્વકની જ ભાવભક્તિ લેખે લાગે છે. સાધુઓ પણ પોતાને મળેલ મન, વચન, કાંયારૂપી દ્રવ્યભક્તિપૂર્વક સ્તોત્રાદિ પ્રભુ સમક્ષ બોલે તોજ ભાવભક્તિ વાસ્તવિક બને છે.

ભગવાનનું નામ અને ભગવાનની સ્થાપના આ બે નિક્ષેપે ભગવાન આજે પણ વિદ્યમાન છે. પ્રભુના નામાદિ બધા નિક્ષેપો સમાન ફલદાયક છે. જેમ ચેકમાં સહી કરવી એ સ્થાપના નિક્ષેપ છે. બેંકમાં એ સહી ચાલે. સાક્ષાત્ માણસ ત્યાં ઊભો હોય પણ જો પોતાની સહી ન આપે તો ન ચાલે. આ રીતે, અહીં ભાવ કરતાં પણ સ્થાપનાની વિશેષતા સાબિત થાય છે.

પ્રભુના પુન્યોદયથી પ્રભુની વાણી સૌને ગ્રાહ્ય બને છે. તેમની વાણીમાં અતિશય હોય છે. પાપીઓ પણ પ્રભુની વાણીથી પવિત્ર બની જાય છે. પ્રભુની એ મહાકરૂણા છે.

અરિહંત અને સિદ્ધ દેવ છે આ વાતમાં સમાન વિચાર ધારણ કરનાર સંઘ છે. આવો સંઘ પ્રભુએ સ્થાપિત કરી મહાન ઉપકાર કર્યો છે.

જેમ વૈદ્ય પાસે મનુષ્યો જાય છે તેનું કારણ તેમના ખ્યાલમાં છે કે 'હું રોગી છું, અને મારે નિરોગી બનવું છે.' તેવી રીતે દેવ-ગુરુ પાસે જવામાં પણ કોઈ ધ્યેય નક્કી હોવું જરૂરી છે. તોજ વાસ્તવિક ફળના અધિકારી બનાય છે.

જેમ શરીરના રોગના જાણકાર વૈદ્ય છે. તેવી રીતે મન અને આત્માના રોગના જાણકાર વિતરાગ દેવ છે. તેમની પાસે જવાથી, વિધિપૂર્વક તેમની આજ્ઞાનું પાલન કરવાથી કર્મરોગ ટળે છે. આત્મા નિરોગી થાય છે.

શરીર એ બળતું ઘર છે. આયુષ્ય પ્રતિક્ષણ ક્ષય પામનારું છે. જીવ સંસારના કામમાં પાવરધો છે. પ્રભુની આજ્ઞાપાલનના કાર્યમાં તે પાંગળો બની જાય છે. મોટી ઉમ્મરે પણ વરઘોડે ચઢવું ગમે છે. ભોગ ગમે પણ દીક્ષા-ત્યાગ ન ગમે. કારણ કે જીવ કર્મને પરવશ છે. આત્માના પ્રત્યેક પ્રદેશે અનંત કર્મની વર્ગણાઓ લાગેલી છે. એનું જ નામ કર્મરોગ છે.

'નમો' એટલે નમસ્કાર થાઓ, એમ કોણ બોલી શકે ? જેનું માથું ઊંચું હોય તે...મનુષ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊંચું માથું મળ્યું છે, તે નમવા માટે. માથું પ્રભુને નમાવવાથી મસ્તકની સાર્થકતા છે. જે પ્રભુને ન નમે તે એકેન્દ્રિયમાં પણ વૃક્ષ બને કે જ્યાં હંમેશને માટે માથું નીચે જ રહે.

જે જૈન હોય તેમાં સૌ પ્રત્યે મૈત્રીભાવ હોય. મૈત્રી એટલે સ્નેહનું પરિણામ. સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ. એકેન્દ્રિયનું પણ તે શુભ ઇચ્છે. તે પણ મોક્ષને પામો એમ ઇચ્છે. ભાવના સૌના શુભ માટેની જોઈએ. નિત્ય ક્રિયા એ ભાવનાને ટકાવવા માટે છે.

ભાવના = ઇચ્છામાં પણ એક શક્તિ છે. શરીરબળ, ધનબળ, પુણ્યબળ કરતાં શુભભાવનાનું બળ ઘણું છે. એક સમય એવો હતો કે શરીર જેનું બળવાન કે સુખી એમ મનાતું. વળી એક સમય એવો હતો તે જેની પાસે ધન અધિક તે સુખી એમ મનાતું. વળી કોઈ કહે છે કે, જેની પાસે પુન્યજનિત સામગ્રી અધિક તે સુખી. જ્ઞાનીઓ કહે છે કે જેની પાસે શુભભાવનાઓ અધિક છે, તે સુખી કારણ કે, શુભભાવનાનું બળ સૌથી અધિક છે. એ જેની પાસે છે તેની પાસે મોક્ષ પણ હાજર છે. અને મોક્ષ ન મળે ત્યાં સુધી બીજું બધું તેને આવી મળે છે.

શુભભાવનાથી અનુવૃદ્ધિ (જોડાયેલું) બીજું બધું સફળ છે. અન્યથા નહિ. આપણી ઇચ્છા શું છે ? એના ઉપર જ આપણી બધી કરણીની સફળતાનો આધાર છે. એકની ઇચ્છા છે કે હું કરોડપતિ બનું. બીજાની ઇચ્છા છે કે સંઘનું કલ્યાણ થાઓ. આ બન્ને ઇચ્છાઓ છે પણ બન્ને ઇચ્છામાં બહું અંતર છે. સૌના શુભની ઇચ્છા એ સૌથી શ્રેષ્ઠ ઇચ્છા છે. પ્રભુનો સંઘ સૌના શુભની ઇચ્છાથી ભરપૂર છે. તેથી તેમની ભક્તિમાં સર્વના શુભની હિતચિંતા આડકતરી રીતે થઈ જાય છે. 'મને દુ:ખ ન આવો' એને બદલે 'કોઈને દુ:ખ ન આવો, કષ્ટ ન આવો' એ ઇચ્છા જ શ્રેષ્ઠ છે.

માત્ર પોતાના જ સુખનો વિચાર કરવો અને બીજાની પીડાનો વિચાર ન કરવો તે આર્તધ્યાન છે. આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ છે. એ પશુભાવ છે. સર્વનું રક્ષણ કરવાની તાકાત ભગવાનમાં છે. એમનું સ્મરણ કરવાથી સર્વનું રક્ષણ થાય.

સમ્યગ્દષ્ટિ ઉપસર્ગમાં પણ ધર્મધ્યાનની વૃદ્ધિ કરે. તેના સામાયિક પૂજા કે સ્વાધ્યાય દરેકમાં ઇચ્છા શું...? માત્ર પોતાનો જ ઉપદ્રવ દૂર કરવાની નહિ પણ સૌના ઉપદ્રવોને દૂર કરવાની.... ધર્માનુષ્ઠાનના મૂળમાં મૈત્ર્યાદિ ભાવો **'त्रिभुवनार्तिहराय नाथ!'** એવું સામર્થ્ય તીર્થંકરોનું છે. એક પુન્યવાન્ આત્મા પોતાના ધર્મના પ્રભાવે અનેકોને બચાવી લે છે.

સૂરજ બધાનો અંધકાર દૂર કરે છે. પણ આંખ ખુલ્લી રાખવામાં આવે તો... તેમ ભગવાન પણ શ્રદ્ધાળુ માત્રને તારે છે. શ્રદ્ધા એ વિવેક ચક્ષુ છે. અરિહંતો અચિન્ત્ય સામર્થ્યવાળા છે. માટે તેમને કરેલો નમસ્કાર અચિંત્ય ફલદાયક બને છે. પ્રભુના અચિંત્ય પ્રભાવ પ્રત્યે શ્રદ્ધા રાખવાથી તે અચિંત્ય ફલદાયક બને છે. પ્રભુની શક્તિ અચિંત્ય છે. તેઓ ત્રણ ભુવનની પીડાને હરણ કરવાની શક્તિ ધરાવે છે...

*[પૂ. પંન્યાસજી મહારાજના પ્રવચનો પુસ્તકમાંથી સાભાર]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મની ભાવના જાગૃત કરવાની જરૂર

*લેખક : મુનિશ્રી કર્પૂરવિજયજી મ. સા.*

## "યતો ધર્મસ્તતો જયઃ"

ગમે તેવો આકરો પ્રસંગ ઉભો થયો હોય તો પણ પંડિત પુરૂષો સ્વકર્તવ્ય--ધર્મનો ત્યાગ કરતા નથી; કેમકે જ્ઞાની પુરૂષો કહે છે કે 'જે ધર્મનું રક્ષણ કરે છે તેનોજ જય થાય છે.' એ ઉત્તમ શિષ્ટ વચનને અનુસરી આપણે સહુએ અવશ્ય સ્વકર્તવ્યપરાયણ થવું જોઈએ. ધીરજ રાખી ખરી ખંતથી સ્વકર્તવ્યધર્મમાં મચી રહેવાથી જરૂર આપણો જય (ઉદય) થવા પામશે. આજકાલ જયાં જયાં દૃષ્ટિ નાંખી જોઈએ ત્યાં ત્યાં સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવામાં બહુધા ઉપેક્ષા, કહો કે બેદરકારી જોવામાં આવે છે, પ્રયાણ થતું જોવામાં આવે છે, અને એથી ઉલટી દિશામાં પ્રયાણ થતું જોવામાં આવે છે એ હકીકતજ મૂળથી આપણી અજ્ઞાનતા સૂચવે છે. તે સૂચવે છે કે સ્વકર્તવ્ય--ધર્મનું આપણને બરાબર ભાન જ થયું નથી અથવા તો આપણે તેને વિસારી દીધું છે. જ્ઞાની મહાત્માઓ તો કહે છે કે સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કર્યા વગર તમારો જય કે ઉદય જ થવાનો નથી. તેથી જો તમે તમારો જય કે ઉદય કરવા ઇચ્છતા જ હો તો પ્રથમ તમે સ્વકર્તવ્યધર્મને સારી રીતે સમજવાનો ખપ કરો. સ્વકર્તવ્યધર્મને જે સારી રીતે જાણતા-સમજતા હોય, તથા તે કર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવાથીજ આપણો જય કે ઉદય થવાનો છે એવી જેમની દૃઢ શ્રદ્ધા કે માન્યતા હોય અને એવી ઊંડી શ્રદ્ધા સહિત જ જે પ્રમાદ તજી સ્વકર્તવ્યધર્મનું યથાર્થ પાલન કરવામાં ઉજમાળ રહેતા હોય એવા પ્રમાણિક પુરૂષો પાસે વિનય બહુ માનપૂર્વક સ્વકર્તવ્ય-ધર્મને તમે બરાબર સમજો તથા તેથી જ તમારો જય કે ઉદય સધાશે એવી શ્રદ્ધા યા માન્યતાને દૃઢ કરો અને એવી દૃઢ શ્રદ્ધા પ્રતીતિ સાથેજ સ્વકર્તવ્ય-ધર્મનું યથાવિધિ પાલન કરવા સકળ પ્રમાદ પરિહરી સદાકાળ સાવધાન રહો. સહુને પોતપોતાના અધિકાર પ્રમાણે કર્તવ્યધર્મ પાળવાનો હોય છે. એવી શાસ્ત્રમર્યાદા પરાપૂર્વની ચાલી આવે છે. પરંતુ સંયોગોની વિચિત્રતાથી તેમાં ઘણો બીગાડો થયેલો જોવાય છે-સમજમાં, શ્રદ્ધામાં તેમજ વર્તનમાં ફેરફાર થયેલો છે. મજબુત મનના, ઉદાર દીલના અને સમયજ્ઞ સુજ્ઞ-ચકોર ભાઈ બ્હેનો ધારે તો ખરા ખંત ભર્યા પ્રયાસથી તેમાં ઠીક સુધારો થઈ શકે એમ છે. પરંતુ બેપરવાઈ કે ઉપેક્ષા કરવાથી જ ઘણું કામ બગડે છે. જો સ્વપરહિતકારી કાર્ય જરૂર કરવું જ હોય તો તેવી બે પરવાઈ કે ઉપેક્ષા કરી શકાય નહી. શાસનપ્રેમી, દયાળુ અને સત્યવાદી ખરા ત્યાગી વૈરાગી સાધુ સાધ્વીઓ જો આ અગત્યની વાત દીલ ઉપર લે તો સદુપદેશવડે તેઓ ઘણું શાસનહિત કરી શકે. ખરા શાસનરાગી અને સદ્ગુણપ્રેમી શ્રાવકશ્રાવિકાઓએ પણ સમય ઓળખીને એવા ઉત્તમ સાધુ સાધ્વીઓ તેમજ નિર્મળ આચાર-વિચારવાળા શાણા શ્રાવક-શ્રાવિકાઓનાં હિતવચન આદરથી સાંભળી પોતાનું આચરણ સુધારવા જરૂર લક્ષ રાખવું જોઈએ. ઉત્તમ યોગ્યતાવાળા સાધુસાધ્વી કે શ્રાવકશ્રાવિકાનો યથોચિત વિનય-સત્કાર કરવાથી આપણામાં રૂડી યોગ્યતા આવે છે. આપણું દુઃખદાયી અજ્ઞાન, મિથ્યાત્વ અવે દુરાચરણ ટળે છે-દૂર થાય છે અને આપણામાં ખરેખર સુખદાયક તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વરમણતા જાગે છે-પ્રગટે છે. એ જ આ દુર્લભ માનવભવાદિક ઉત્તમ સામગ્રી પામવાનું સાર્થક્ય છે. તે વગરનું એ બધું નકામું છે. જો કે અજ્ઞાન, અશ્રદ્ધા, મિથ્યાત્વ અને સ્વચ્છંદાચરણથી આપણી પારાવાર ખરાબી (પડતી) થઈ છે પરંતુ હજી સમય ઓળખી સાવધાન થઈ જશું તો પાછી ઉન્નતિ સાધી શકાશે. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માન--અભિમાનની પણ કંઈ હદ હોય ખરી કે?

**"વીરા મોરા ગજ થકી ઉતરો,**
**ગજ ચડ્યાં કેવળ વ હોય રે—વીરા મોરા"**

વ્હાલા બંધુઓ અને બ્હેનો!

એકદા ભરત અને બાહુબલી વચ્ચે દૈવયોગે ભારે યુદ્ધ થયેલું. તેમાં કરોડો મનુષ્ય અને પશુઓનો સંહાર થતો જોઈ, કરૂણાથી જેમનું હૃદય ચીરાય છે એવા ઉત્તમ દેવોએ બંને બંધુઓને એ અઘોર યુદ્ધથી ઉપરામ (વિરામ) પામીને, એક બીજાની હારજીતની ખાત્રી કરવા દ્વંદ્વયુદ્ધની જ ભલામણ કરી. તેમાં પણ જયારે બાહુબલીની જ જીત અને ભરતની હાર થઈ ત્યારે દિઙ્મૂઢ જેવા બનેલા ભરતે બાહુબલી ઉપર પોતે કરેલી પ્રતિજ્ઞા વિસારી ચક્રરત્ન મૂક્યું. તે પણ તેને ત્રણ વખત પ્રદક્ષિણા દઇ પાછું ફર્યું ત્યારે ભરત વિલખો થયો અને બાહુબલીએ ચક્ર સહિત તેને ચુરી નાંખવા પોતાની વજ્ર જેવી કઠણ મુષ્ટિ (મુઠી) ઉપાડી. એજ વખતે વળી વિચાર આવ્યો કે આ અમોઘ મુષ્ટિપ્રહારથી એ ચક્રવર્તી રૂપ મારા વડીલ બંધુનું અવશ્ય મૃત્યુ થશે અને તેના પાપ અને અપયશથી હું કલંકિત થઈશ. તેથી એ ઉપાડેલી મૂઠી વડે પંચમુષ્ટિ લોચ કરી, વિરાગ જાગવાથી પોતે સાધુ-અણગાર બન્યાઃ પૂર્વે પોતાના ૯૮ અનુજો (લઘુ બંધુઓ) એ જેનું શરણ ગૃહેલું છે એવા આદીશ્વર પ્રભુની જ સેવા કરી સ્વમાનવભવ સફળ કરવા ભાવ થયો. પરંતુ તેમ કરવા જતાં પ્રથમના દીક્ષિત થયેલા લઘુ બંધુઓ કે જે અત્યારે સાધુ સ્થિતિમાં વર્તે છે તેમને મારે જરૂર નમન-વંદન કરવું પડશે એ વિચારે તે બાહુબલી મુનિને ઘેર્યો. છેવટે મનમાં નિશ્ચય કર્યો કે અહીં જ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થઈ કેવળજ્ઞાન ઉપાર્જન કર્યા પછી જ પ્રભુ પાસે જઈશ તો પછી વાંધો આવશે નહિ. એમ મનથી જ નક્કી કરી ત્યાં જ પોતે નિશ્ચળ થઈને કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિત થયા. ત્યાં જ એક વર્ષ વીતી ગયું છતાં અભિમાનવશ થયેલા તે મુનિને કેવળજ્ઞાન પ્રગટ ન થયું. આ બધી હકીકત કેવળજ્ઞાનદિવાકર આદીશ્વર પ્રભુ જાણતા જ હતા. પૂર્વે બ્રાહ્મી બ્હેને પ્રભુ પાસે દીક્ષા લીધી હતી ત્યારપછી ભરતની આજ્ઞા-અનુમતિ મેળવી સુંદરીએ પણ દીક્ષા પ્રભુ પાસે ગૃહણ કરી. તે બંને સાધ્વીઓને અવસર પામી યથોયોગ્ય સમજાવી જયાં બાહુબલી મુનિ કાઉસગ્ગ ધ્યાને સ્થિર ઉભા રહ્યા છે ત્યાં તેને પ્રતિબોધવા નિમિત્તે મોકલી. ત્યાં આવીને તપાસ કરતાં મુનિશ્રી ચોતરફ વેલડીઓવડે વિંટાયેલા હોવાથી મુશ્કેલીથી નજરે પડ્યા. પછી બંને સાધ્વીઓએ પ્રભુની હિતશિક્ષાના પ્રતિધ્વનિ જેવાં, 'વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચડયાં કેવળ ન હોય રે' ઇત્યાદિ હિત વચનો કહ્યાં. તે વચનો કર્ણગોચર થતાં બાહુબલી મુનિ વિચારમાં પડયાં કે આ વચનો મનેજ સંબોધીને કહેવાયાં છે ખરા, પરંતુ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થયેલા એવા મારે ગજ-હાથી સાથે શો સંબંધ છે? એકાગ્રપણે તેના ઉપર ઉંડો આલોચ કરતાં તે મહામુનિને ખરૂં તત્ત્વ-સત્ય સમજાયું કે હું પોતે જ અભિમાન રૂપી ગજ-હાથી ઉપર આરૂઢ થયેલો છું. વયથી લઘુ એવા સાધુરૂપ બંધુઓને હું કેમ નમું? કેમ વંદુ? આ જ ઉત્તુંગ માન-અભિમાનરૂપી જગ-હાથી. તેના ઉપર ચઢેલો છું ત્યાંસુધી મને કદાપિ કેવળજ્ઞાન પ્રગટવાનું નથી. એથી જ એ અભિમાનરૂપી હાથી ઉપરથી નીચે ઉતરી, નમ્રતા ધારી એ મહાનુભાવ મુનિવરોને સદ્ભાવથી નમન-વંદન કરવું મને હિતકારી-કલ્યાણકારી જ છે. એમ નિશ્ચય કરી કાઉસગ્ગ પારી, પગ ઉપાડી પ્રભુ પાસેજ જતાં તે મહામુનિને કેવળજ્ઞાન ત્યાંજ પ્રગટ થયું. તેવા કોઈ ઉત્તમ ગુણવગર મિથ્યાભિમાન કરી દુઃખી થનારા જીવને આના કરતાં બીજા દૃષ્ટાંતની ભાગ્યેજ જરૂર પડશે. લઘુતા ત્યાંજ પ્રભુતા વસે છે. ઇતિશમ્.

*(સભાના મુખપત્ર શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક નં. ૧૭માંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાલીતાણામાં ફાગણ સુદ તેરસનું મહત્વ શેત્રુંજય તીર્થની છ ગાઉની પ્રદક્ષિણા

પાલીતાણાની પવિત્ર ધરતી પર પરમ પાવન મહાન તીર્થાધિરાજ એટલે શેત્રુંજય તીર્થ અનાદિકાળથી આ તીર્થ પર કાંકરે-કાંકરે અનંતા આત્માઓ મોક્ષે ગયા. તેમના અધ્યાત્મપૂર્ણ પરમાણુંઓ આજે પણ અસરકારક છે. પાવન તીર્થ શત્રુંજય પર આવનારા આત્માઓ પોતાના દુર્ગુણોને દૂર કરી સદગુણોને મેળવે છે. પાપને દૂર કરી પુણ્યને પ્રાપ્ત કરે છે, એટલું જ નહીં આ તીર્થ અતિક્રુર જીવો પણ સંત બની સાધનાના શિખર ઉપર ચઢી સિદ્ધ બન્યા છે.

## ફાગણ સુદ-૧૩

તીર્થને સ્પર્શતા પવિત્ર દિવસો પૈકીમાં ફાગણ સુદ-૧૩ ઢેબરીયો મેળો તરીકે પંકાય છે. યાત્રિકો હજારોની સંખ્યામાં છ'ગાઉની પ્રદક્ષિણા કરવા આવે છે. મોટર, બસ કે રીક્ષા વગર કદાપી નહીં ચાલવાવાળો યાત્રિક પણ આજના દિવસે પગે ચાલીને યાત્રા કરી માનસીક અને આત્મિક સુખનો આનંદ મેળવે છે. યાત્રીકો વહેલી સવારના શત્રુંજય યાત્રાએ ચઢે છે ઉપર શિખરે ચઢી દાદા આદિશ્વરને ભક્તિસ્તુતિ કરીને છ'ગાઉની યાત્રા શરૂ કરે છે. આ અગાઉની યાત્રામાં ચઢાણ ને ઉતરાણ અને સર્પાકારે રસ્તો આવે છે છતાં અંતરની અધ્યાત્મની મસ્તીથી યાત્રિકો આગળ વધે છે. દેવકીષ્ટનંદનની દેરીએ ચૈત્ય વંદના કરીને આગળ વધતા ધીમે ધીમે નીચે ઉતરવાનું હોય છે. નીચે શ્રી આદિશ્વરના પગલા અને એક પાણી ભરેલો કુંડ આવે છે. ત્યાં પાણીનો સ્પર્શ કરી તેને શ્રદ્ધાથી શિરે ચઢાવે છે. આ જળ તેજ આદિશ્વર ભગવાનનું નવણ જળ છે. યાત્રિકો ધીમે ધીમે ઉપર ચઢાણ કરે છે. ઉપર ચઢતા જ શ્રી અજિતનાથ અને શાંતિનાથની દેરી આવે છે.

## ચિલ્લણ તલાવડી

સુધર્મા સ્વામિના પટ્ટશિષ્ય સંઘ લઈને પાછળથી શત્રુંજય તીર્થ આવ્યા સંઘને તૃષા લાગી પોતાના પ્રભાવ વડે જળથી સરોવર ભરી દીધું. સંઘે પાણી પીધું અને તૃષા શાંત કરી મુનિશ્રીએ પ્રાયશ્ચિતમાં ઈરિયાવહીયા કરી અને અંતર પશ્ચાતાપથી કેવળજ્ઞાન મેળવી મોક્ષે ગયા. અહીં લોકો સુતા-સુતા ૯ કે ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ કરે છે.

અહીંથી થોડે દૂર કોઠાના ફળનું વૃક્ષ આવે છે. ભરત ચક્રવર્તિએ ભરાવેલા રત્નના પ્રતિમાજી ૫૦૦ ધનુષ્યનો કાયાપ્રમાણ આ પ્રતિમાજી અહીં ભાગોલ પ્રદેશની ગુફામાં પધરાવી છે. અઠમતપના પ્રભાવથી કપર્દિપક્ષ પ્રતિમાજીના દર્શન કરાવે છે. (શત્રુંજય કલ્પવૃત્તિના આધારે) એમ કહેવાય છે કે નંદર.ાએ, વીરરાજાએ અને આચાર્યશ્રી વિજયદેવ સુદર સુરીશ્વરજી મ. એ. અઠમ તપ કરી મુળ પ્રતિમાજીના કપર્દિયક્ષ દ્વારા દર્શન કર્યા હતા.

અહીં ચંદન તલાવડી પાસે સિદ્ધશીલા પર સુતા-સુતા કાઉસગ્ગ કરવામાં આવે છે. અહીં આ ચંદન તલાવડી નામ અપભ્રંશ પડયું છે. વાસ્તવિક નામ ''ચિલ્લવળ તલાવ'' છે.

## ભાડવાનો ડુંગર

ભાડવાનો ડુંગર યાને શાંબપ્રદ્યુમનની સિદ્ધ શીલા, આ ડુંગરની ઊંચાઈ સારી છે. ઘણું ચાલ્યા પછી આ ચઢાણ આકરૂ લાગે છે. છતાં મનની પ્રસન્નતા અને ઉલ્લાસથી આવું ઊંચું ચઢાણ પણ ચઢી જવાય છે. એ તો તીર્થનો જ પ્રભાવ છે.

અહીં ઉપર આવતાં જ શ્રીકૃષ્ણના પુત્રો શાંબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રદ્યુમ્ન મુનિવરો સાડા આઠ કરોડ મુનિવરો સાથે મોક્ષે ગયા અને અહીં બે દેરીઓ છે જેમાં શાંબ અને પ્રદ્યુમ્નના પગલાં છે. અહીં ચૈત્યવંદન કરીને શાંબ પ્રદ્યુમ્નને ભાવભરી વંદના કરે છે. અહીં હવે યાત્રા પૂર્ણ થયાનો અનુભવ થાય છે. હજારો યાત્રિકો અહીંથી નીચે ઉતરે છે. નીચે આવતા જ ગામે ગામના સંઘો યાત્રિકોનું સંઘ પૂજન કરે છે. છ ગાઉની યાત્રા એટલે કે આદપુર ઉતરે છે. અહીં વિશાળ જગ્યામાં આ.ક. પેઢી દ્વારા વિવિધ પાલો બાંધવામાં આવે છે. ભારતના જુદા જુદા જૈન સંઘો આ પાલમાં યાત્રિકોની ખૂબ જ ભાવથી ભક્તિ કરે છે. પહેલાં આ પાલમાં માત્ર દહીં અને ઢેબરાની જ ભક્તિ કરવામાં આવતી હતી પરંતુ હવે અનેક જુદી જુદી વાનગીઓની ભક્તિ કરવામાં આવે છે. આગામી તા. ૪-૩-૦૪ને ગુરુવારના રોજ છ ગાઉ યાત્રા યોજાનાર છે. છ ગાઉની મહાયાત્રામાં એક અંદાજ મુજબ એક લાખ જેટલા યાત્રિકો આવશે.

ફાગણ સુદ તેરસ 'ઢેબરીયા મેળા' તરીકે પંકાય છે જે લોકો યાત્રા કરી શકતાં નથી તેઓ પાલીતાણાથી બસ દ્વારા સીધા સિદ્ધવડ પહોંચે છે. પાલીતાણાથી સિદ્ધવડ જવા માટે એસ.ટી. દ્વારા સ્પેશીયલ બસ પણ મુકવામાં આવે છે. ભારત-ભરના જૈનોમાં છ ગાઉની યાત્રાનું અનેરૂ મહત્વ છે.

*-વસંત સોની (પાલીતાણા)*

# * ધન્યવાદ એ દાનેશ્વરીને *

**આ સભાના સભ્ય શ્રી ડૉ. રમણીકલાલ જેઠાલાલ મહેતા એ વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં ઘાટકોપર ઉપાશ્રય બનાવવા માટે રૂા. ૫૪,૯૯,૯૯૯ નું દાન આપેલ હતું.**

**તેઓશ્રીએ ભાવનગર સ્ત્રી કેળવણી મંડળને કન્યા કેળવણીની ત્રણ ફેકલ્ટી B.Ad., M.C.A. તથા હોમ સાયન્સ, માટે રૂા. ૭૫,૦૦,૦૦૦=૦૦ પંચોતેર લાખનું દાન જાહેર કરેલ છે.**

**ડૉ. રમણીકભાઈએ આપણી સંસ્થાને પણ રૂા. ૧,૫૧,૦૦૦ આપેલ છે. તેમજ અન્ય નાના મોટા દાનો આપેલ છે.**

**આવા દાતાશ્રીને ધન્યવાદ**

## શોકાંજલિ

મૂળ ઘોઘાના વતની અને વર્ષોથી મુંબઈ સ્થાયી થયેલા દાનવીર શેઠ શ્રી ચીનુભાઈ હરીભાઈ શાહ ઘોઘાવાળાનું મુંબઈ મુકામે ૮૪ વર્ષની જૈફ વયે ગત તા. ૯-૧-૦૪ના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રી આ સભાના પેટ્રન મેમ્બર હતા. સભા પ્રત્યે તેઓશ્રી અનન્ય મમતા અને લાગણી ધરાવતા હતા.

ઘોઘા, ભાવનગર, સાવરકુંડલામાં શાળા, હોસ્પિટલ, ભોજનશાળા, વિધવા સહાય, વૃદ્ધાશ્રમના અનુદાનમાં મોટું યોગદાન આપી જૈન સમાજનું ગૌરવ વધાર્યું હતું. ભાવનગરની સર ટી. હોસ્પિટલમા આઈ.સી.યુ. નો વોર્ડ તેમના ધર્મપત્ની રસિલાબેનનાનામે તથા માતુશ્રી ગુલાબબેન નામે વૃદ્ધાશ્રમ બંધાવ્યા હતા. ઉપરાંત અનેક સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપતા હતા. તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર ઉપર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથેસાથે સદ્‌ગતશ્રીના આત્માને પરમકૃપાળું પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

*** છ'રિપાલક યાત્રા સંઘ :** કલિકુંડ તીર્થોદ્ધારક પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ. સા. સૂરિમંત્ર સમારાધક પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરિજી મ. સા. આદિની શુભ નિશ્રામાં આયોજક શ્રી કીર્તિલાલ ચીમનલાલ ગાંધી (વાવવાળા) દ્વારા લગભગ ૧૫૦ યાત્રિકો મહા વદ ૧ના શ્રી શત્રુંજય મહાતીર્થથી શ્રી ગિરનારજી મહાતીર્થનો છરિપાલક સંઘ યાત્રા પ્રયાણ કરશે. ફાગણ વદ-૧ રવિવાર તા. ૭-૩-૦૪ના ગિરનારજી તીર્થમાં માળારોપણ વિધિ સંપન્ન થનાર છે.

*** રાષ્ટ્રીય અધિવેશન સંપન્ન :** અખિલ ભારતીય શ્રી જૈન શ્વેતાંબર મૂ. પૂ. યુવક મહાસંઘનું ચોથું રાષ્ટ્રીય અધિવેશન બે દિવસના સમારોહ રૂપે ગત તા. ૧-૨ નવેમ્બર-૦૩ના પૂના મહાનગરમાં શ્રી દાદાવાડીના અહિંસા ભવન તેમજ શ્રી ગણેશકલાક્રિડા મંચના વિશાળ સભાગૃહમાં અપૂર્વ હર્ષોલ્લાર ભર્યા વાતાવરણમાં સંપન્ન થયું.

*** બેંગલોર-સંક્રાંતિ સમારોહ :** શ્રી આદિશ્વર જૈન શ્વે. સંઘ-ચિકપેઠના તત્વાવધાનમાં પૂ. આ. શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં શા. ભૂરમલ પ્રેમચંદજી ચૌહાણ (રાજ. બાલી) પરિવાર દ્વારા ગત તા. ૧૭-૧૦-૦૩ના સક્રાંતિ સમારોહની શાનદાર ઉજવણી કરવામાં આવેલ.

*** ઓ.બી.ઈ. ઈલ્કાબ :** લંડનના બકિંમ પેલેસમાં ગત તા. ૧૨ ડીસે.ના યોજાયેલા ભવ્ય સમારોહમાં ઈન્સ્ટિયુટ ઑફ જૈનોલોજીના વાઈસ ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરયાને વિશ્વ વ્યાપી સ્તરે જૈન સમાજમાં કરેલી કામગીરી માટે ઓ.બી.ઇ નો ઇલ્કામ પ્રિન્સ ચાર્લ્સ દ્વારા એનાયત કરવામાં આવેલ.

*** 'ડી.લીટ' પદવી :** જીવન સંધ્યાએ પહોંચ્યા છતાં શારીરિક, માનસિક અને આર્થીક રીતે પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ-સજજતા ધરાવતા અને ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રૂા. ત્રણ કરોડનું દાન આપી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસની સીકલ ફેરવી નાખનાર મૂળ પડધરીના વતની અને દિલેરદાતા શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીને અહિં હેમુ ગઢવી હોલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કુલાધિપતિ રાજયપાલ શ્રી કૈલાસપતિ મિશ્રના હસ્તે ડોકટર ઓફ લેટર્સ (ડી.લીટ)ની પદવી એનાયત કરવામાં આવી. રાજયપાલ શ્રી મિશ્રે આ પ્રસંગે દીપચંદભાઈને ઇશ્વરના દૂત ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે, આજે ડોકટર ઓફ લેટર્સની પદવીથી શ્રી દીપચંદભાઈને નહિ, પરંતુ તેમના થકી આ પદવી સન્માનિત થઈ છે.

*** છ'રિપાલિત પદયાત્રા સંઘ :** કોકણ શત્રુંજય તીર્થ થાણાથી પાલીતાણા શત્રુંજય મહાતીર્થનો છ'રિપાલિત પદયાત્રા સંઘ પૂ. આ. શ્રી અભયશેખરસૂરિજી મ. સા., પૂ. પં. શ્રી અજિતશેખરવિજયજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી મ. સા. ની શુભ નિશ્રામાં તા. ૨૭-૧-૦૪ના રોજ શુભ પ્રયાણ થયેલ છે.

*** ગુરુ સપ્તમી મેળાનું આયોજન :** પ્રતિ વર્ષ મુંજબ આ વર્ષે પણ થાણાના માનપાડા સ્થિત શાંતિધામ પદયાત્રી તીર્થમાં શ્રી શાંતિનાથ જૈન મંદિર ટ્રસ્ટના ઉપક્રમે દાદા ગુરુદેવ શ્રીમદ્ રાજેન્દ્રસૂરિજી મ. સા. ના જન્મ અને સ્વર્ગારોહણ દિન તા. ૨૯-૧૨-૦૩ના રોજ ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ.

*** મોહન ખેડા તીર્થ :** પ. પૂ. આ. શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના ૧૭૮માં જન્મોત્સવ તેમજ ૯૮મી નિર્વાણ પુણ્ય તિથિ નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ યુક્ત શ્રી પંચાહ્નિકા મહોત્સવ પૂર્વક તા. ૨૭ થી ૩૧ ડીસે. ૦૩ દરમ્યાન ઉજવણી કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*** શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ :** પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી મ. સા., પૂ. આ. શ્રી રત્નાકરસૂરિજી મ. સા., પૂ. આ. શ્રી કીર્તિયશસૂરિજી મ. સા., પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજી મ. સા. તથા પં. શ્રી રવિરત્નવિજયજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી જીરાવલાજી તીર્થોદ્ધારના ભવ્ય પ્રારંભ પશ્ચાત પ્રભુ ઉત્થાપન-ચલ પ્રતિષ્ઠા, પ્રભુજીના નવા લેપ પૂર્ણ થયા પછી પ્રભુ પૂજાના મંગલ પ્રારંભરૂપ તથા તીર્થોદ્ધારના ચરણરૂપ ભવ્ય સ્નાત્ર-અભિષેક તેમ જ અઢાર અભિષેક સહ ત્રિદિવસીય મહોત્સવની ઉજવણી તા. ૪ થી ૬ ફેબ્રુઆરી-૦૪ દરમ્યાન ભક્તિભાવપૂર્વક કરવામાં આવી.

*** અબોહર (પંજાબ) :** મુનિશ્રી જયાનંદવિજયજી તથા મુનિશ્રી દિવ્યાનંદવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં શ્રી રોશનલાલ જૈન સર્વહિતકારી વિદ્યામંદિરના વિશાળ પટ્ટાગણમાં ગુરુ આત્મ-વલ્લભ જૈન બ્લોકનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ, આચાર્ય ગુરુ ઈન્દ્રદિન્નસૂરિજી મ. સા. ની પુણ્યતિથિ તેમ જ સંક્રાંતિ સમારોહ ગત તા. ૧૫-૧૬ ડીસે. દરમ્યાન ઉજવાયો. તેમજ તા. ૨૮-૧૨-૦૩ના રોજ ગુરુ આત્મ-વલ્લભ જૈન ચોકનું ભવ્ય લોકાર્પણ તથા ગુરુ આત્મ-વલ્લભ જૈન માર્ગનું લોકાર્પણ કરવામાં આવ્યું. તા. ૩૦-૧૨-૦૩ના રોજ ભગવાન મહાવીર માર્ગનું લોકાર્પણ કરવામાં આવેલ.

*** કીકર ખેડા (અબોહર-પંજાબ) :** પ્રવર્તક પ્રવર શ્રી જયાનંદવિજયજી મ. સા. તથા સંગઠન પ્રેમી મુનિશ્રી દિવ્યાનંદવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં તા. ૧૪-૧-૦૪ના રોજ ભવ્યાતિભવ્ય સંક્રાંતિ મહોત્સવની ઉજવણી અહિંના પંચાયત ધર્મશાળા ખાતે કરવામાં આવેલ.


**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210

Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069

Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ–બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચે મુજબ કાર્યો માટે સંવત ૨૦૬૦ ના ફાગણ સુદ-૧૧ ને રવિવાર તા. ૧૪-૩-૨૦૦૪ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી.

(૧) તા. ૯-૩-૨૦૦૩ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ વંચાણે લઈ મંજુર કરવા.

(૨) સને ૨૦૦૨-૨૦૦૩ના હિસાબો મંજુર કરવા. હિસાબો તથા સરવૈયા કારોબારી સમિતિએ મંજુર કરવા ભલામણ કરેલ છે.

(૩) બંધારણમાં સુધારા જરૂરી હોય તે બાબત વિચારણા કરવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કાંઈ રજુ થાય તે.

લિ.

તા. ૧૬-૨-૨૦૦૪
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

મનહરલાલ કે. મહેતા
ચંદુલાલ ડી. વોરા
ચીમનલાલ વી. શાહ
માનદ્ મંત્રીઓ

તા. ક. (૧) કોરમના અભાવે મુલતવી રહેલ આ બેઠક બંધારણની કલમ ૧૧ મુજબ અડધા કલાક પછી ફરી મળશે અને તેને કોરમનો બાધ રહેશે નહી.

(૨) સને ૨૦૦૨-૨૦૦૩ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ ટાઈમ દરમ્યાન તા. ૨૫-૨-૨૦૦૪ થી ૮-૩-૨૦૦૪ દરમ્યાન મેમ્બરશ્રીઓ જોઈ શકશે.

For Private And Personal Use Only